RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ - ૧૦ — શનિવાર, તા.૦૪-૦૫-૨૦૨૪ — અંક : ૧૧૦ — વર્ષ : ૧૯ — jamnagar@aaspassaindia.com — કિંમત રૂ. ૨-૫૦ — પાના - ૮

## આજે અમિત શાહ, પ્રિયંકા ગાંધી, ભગવંત માન, રૂપાલી ગાંગુલી સહિતના ગુજરાતમાં

# કાલે પ્રચાર પડઘમ થશે શાંત



ભાવનગર,

ત્રીજા તબક્કામાં મતદાન સાતમી મેને મંગળવારે યોજાશે. ગુજરાતની ૨૫ સહિતની બેઠકો પર મંગળવારે મતદાન થવા જઈ રહ્યું છે ત્યારે આવતીકાલ તા.૫ના પ્રચાર પડઘમ શાંત થઈ જશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કર્મભૂમિ ગુજરાતમાં તમામ બેઠકો અંકે કરવા ભાજપ તમામ સ્તરે પ્રયાસ કરી રહ્યું છે તો કોંગ્રેસ પણ પાછી પાની ન કરવા જંગમાં બરાબરીની લડાઈ આપી રહ્યું છે. ઉલ્લેખનિય છે કે ઈન્ડિયા ગંઠબંધન મુજબ ભાવનગર અને ભરૂચ પર આમ આદમી પાર્ટી પણ ચૂંટણી લડી રહી છે ત્યારે આપ પણ આ વખતે મેદાનમાં છે.

રવિવારે સાંજે પ્રચાર પડઘમ શાંત થાય તે પહેલા પુરજોશમાં કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ઉમેદવારો ઉપરાંત પ્રાદેશિક નેતાઓ તથા સ્ટાર પ્રચારક હાલ ગુજરાતમાં ધામા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતમાં ત્રણ જગ્યાએ જાહેર જનસભાને સંબોધશે. અમિત શાહ છોટા ઉદેપુર-નવસારી અને દમણમાં જનસભાને સંબોધશે તેમજ રોડ શો કરશે.

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી આજે ફરી એક વખત ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે. પ્રિયંકા ગાંધી બનાસકાંઠાના લાખણીમાં ગેનીબેન ઠાકોર માટે ચૂંટણી પ્રચાર કરશે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ ભરૂચમાં નુક્કડ સભા કરશે અને વાગરા અને અંકલેશ્વરમાં સભા ગજવશે. અભિનેત્રી અને તાજેતરમાં ભાજપમાં સામેલ થયેલ રૂપાલી ગાંગુલી જેતપુરમાં મનસુખ માંડવિયા માટે પ્રચાર કરશે. મહારાષ્ટ્રના સાંસદ નવનીત રાણા ભરૂચમાં પ્રચાર કરશે.

## પુરી બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર સુચરિતા મોહંતીએ ટિકિટ પરત કરી

નવી દિલ્હી

કોંગ્રેસના ઉમેદવાર સુચરિતા મોહંતીએ ઓડિશાની પુરી લોકસભા સીટ પરથી પોતાની ટિકિટ પરત કરી દીધી છે. તેમણે પાર્ટીના મહાસચિવ કેસી વેણુગોપાલને પત્ર લખ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ચૂંટણી લડવા માટે પાર્ટીપાસેથી પૈસા મળ્યા નથી.

પુરી લોકસભા સીટ અને રાજયની સાત વિધાનસભા સીટો માટે ૨૫ મેના રોજ મતદાન થવાનું છે. જ્યારે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૬ મે છે. આ બેઠક પરથી બીજેડી તરફથી અરૂપ પટનાયક અને બીજેપીએ સંબિત પાત્રાને મેદાનમાં ઉતાર્યા છે. બંનેએ ઉમેદવારી નોંધાવી છે.

## ભારતને ફરી મોટી સફળતાઃ ઈરાને બંધક બનાવેલા તમામ ૧૬ ભારતીયોને મુક્ત કર્યા

નવીદિલ્હી,

ઈરાનથી એક મોટી અપડેટ સામે આવી છે. ઈરાને કહ્યું કે તેણે પોર્ટુગીઝ-ધ્વજવાળા કાર્ગો જહાજ MSC Ariesના ક્રૂ મેમ્બર્સને મુક્ત કર્યા છે. આ જહાજના ૨૫ સભ્યોમાંથી ૧૭ ભારતીય હતા. ઈરાનના વિદેશ પ્રધાન અમીર અબ્દુલૈયાને શુક્રવારે તેમના એસ્ટોનિયન સમકક્ષ માર્ગુસ સાહકના સાથે ફોન પર વાતચીત દરમિયાન જહાજના ક્રૂને મુક્ત કરવાનો ઉલ્લેખ કર્યો હતો.

ઈરાનના એક નિવેદન અનુસાર ઈરાની દળોએ ટેન્કરને જપ્ત કર્યાના દિવસો પછી ૧૩ એપ્રિલના રોજ, ઈઝરાયલ જનારા કાર્ગો જહાજના ૧૭ ભારતીય ક્રૂ સભ્યોમાંની એકમાત્ર મહિલા કેડેટ એન ટેસા જોસેફને મુક્ત કરવામાં આવી હતી. ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું,'ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના જળસીમામાં જપ્ત કરાયેલા પોર્ટુગીઝ જહાજ અને તેના એસ્ટોનિયન ક્રૂને છોડવા અંગે એસ્ટોનિયન પક્ષની વિનંતીના જવાબમાં અમીર અબ્દોલ્લાયને કહ્યું કે, જહાજ જેઈરાનના પ્રાદેશિક જળસીમામાં હતું તે તેમના રડારમાંથી ગાયબ થઈ ગયો હતો અને તેને ન્યાયિક નિયમો હેઠળ કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો.

## એલ્વિશ યાદવની મુશ્કેલી વધી EDએ મની લૉન્ડ્રિંગનો કેસ નોંધ્યો

નવી દિલ્હી

બિગબોસ ફેમ અને યૂ ટ્યુબર એલ્વિશ યાદવની મુશ્કેલી વધી છે. EDએ એલ્વિશ યાદવ વિરૂદ્ધ મની લૉન્ડ્રિંગનો કેસ નોંધ્યો છે. ED એલ્વિશ પાસે રહેલી મોંઘી કારના કાફલાની પણ તપાસ કરશે. મળતી જાણકારી અનુસાર, એલ્વિશ યાદવ વિરૂદ્ધ કાર્યવાહી થઈ શકે છે.

ED એલ્વિશ યાદવની સાથે સાથે હોટલ રિસોર્ટ્સ અને ફાર્મ હાઉસના માલિકોની પણ પૂછપરછ કરશે. મહત્ત્વપૂર્ણ છે કે નોઈડા પોલીસ દ્વારા એલ્વિશ યાદવની ધરપકડ કરવામાં આવી હતી. તે જામીન પર બહાર છે. EDએ એલ્વિશ યાદવ પર ગાળિયો કસવાની તૈયારી કરી લીધી છે. ૧૭ માર્ચે એલ્વિશ યાદવની નોઈડા પોલીસે કોબરા કાંડમાં ધરપકડ કરી હતી, તે બાદ તેને ૧૪ દિવસ જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. અત્યારે તે જામીન પર બહાર છે પરંતુ હવે ED તેના પર સકંજો કસવાની તૈયારી કરી રહી છે.જેલમાંથી બહાર આવ્યા બાદ એલ્વિશ યાદવે પોતાને નિર્દોષ ગણાવ્યો હતો.

## કેજરીવાલના વચગાળાના જામીન પર વિચાર કરવા SC તૈયાર

**કેજરીવાલ ચૂંટણીમાં પ્રચાર કરી શકશે? ૭ મેના રોજ સુનાવણી**

નવીદિલ્હી,

દિલ્હી લિકર પોલિસી કેસમાં અરવિંદ કેજરીવાલની ધરપકડ અને રિમાન્ડ પર શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં બે કલાક સુધી દલીલો થઈ.

જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેંચે કહ્યું કે લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કેજરીવાલના વચગાળાના જામીન પર વિચાર કરી શકાય છે, જેથી તેઓ પ્રચારમાં ભાગ લઈ શકે.

બેન્ચે કહ્યું કે મુખ્ય કેસ એટલે કે કેજરીવાલે તેમની ધરપકડ અને રિમાન્ડને પડકાર્યો છે, તેમાં સમય લાગી શકે છે. કોર્ટે ઈડીને કહ્યું કે વચગાળાની જામીનની શરતો પણ આગામી સુનાવણીમાં જણાવવામાં આવે. વચગાળાના જામીન આપવા કે નહીં તે અંગે અમારે નિર્ણય લેવો છે. અમે આ અંગે ૭ મેના રોજ સુનાવણી કરીશું.

કેજરીવાલ વતી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી અને ઈડી વતી એએસજી એસવી રાજુએ સુપ્રીમ કોર્ટમાં દલીલો રજૂ કરી હતી. સિંઘવીએ ફરી એકવાર કહ્યું કે દિલ્હીના મુખ્યમંત્રી વિરુદ્ધ કોઈ પુરાવા નથી અને તેમની ધરપકડ ગેરકાયદેસર છે. કેજરીવાલે ઈડીના ૯ સમન્સનો જવાબ આપ્યો હતો. તપાસ એજન્સી સમક્ષ હાજર થવામાં નિષ્ફળતા એ ધરપકડનો આધાર બની શકે નહીં. એસવી રાજુએ કેજરીવાલની ધરપકડનો આધાર આપ્યો. તેમણે કહ્યું- કેજરીવાલની ધરપકડ કરવાનો નિર્ણય માત્ર તપાસ અધિકારીએ જ નહીં પરંતુ વિશેષ ન્યાયાધીશે પણ લીધો હતો.

ધરપકડ ન થવાને લઈને દિલ્હીના સીએમ હાઈકોર્ટમાં પણ ગયા હતા. પરંતુ દસ્તાવેજો જોયા બાદ કોર્ટે ધરપકડ પર સ્ટેમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો હતો.

## સંજય નિરુપમ શિવસેનાના એકનાથ શિંદે જૂથમાં જોડાયા

### ૨૦ વર્ષ પછી ઘરે પરત ફરી રહ્યો છું - નિરુપમ

મુંબઈ,

કોંગ્રેસના પૂર્વ નેતા સંજય નિરુપમ શુક્રવારે ૩ મેના રોજ શિવસેના શિંદે જૂથમાં જોડાયા હતા. તેઓ મુખ્યમંત્રી એકનાથ શિંદેની હાજરીમાં પાર્ટીમાં જોડાયા હતા. નિરુપમે કહ્યું કે મારા લોહીમાં બાળાસાહેબ ઠાકરેના વિચારો ચાલી રહ્યા છે. હું ૨૦ વર્ષ પછી ઘરે પરત ફરી રહ્યો છું. એકનાથ શિંદેના હાથને મજબૂત કરવા માટે હું પાર્ટીમાં જોડાઈ રહ્યો છું.

## હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ત્રણ ભારતીયની ધરપકડ

### લોરેન્સ બિશ્નોઈ ગેંગનો હાથ હોવાની આશંકા

નવીદિલ્હી,

કેનેડા પોલીસે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા સાથે જોડાયેલા કેસમાં ત્રણ આરોપીની ધરપકડ કરી છે. કેનેડિયન ન્યૂઝ એજન્સી અનુસાર, ત્રણેય આરોપી ભારતીય છે, તેમને એડમોન્ટનથી પકડવામાં આવ્યા છે. પોલીસ છેલ્લા કેટલાક મહિનાથી તેમના પર નજર રાખતી હતી. પોલીસનું માનવું છે કે ધરપકડ કરાયેલા લોકો તે કથિત હિટ ગ્રુપનો ભાગ છે જેમને ગત વર્ષે ભારત સરકારે નિજ્જરની હત્યા કરવાનું કામ સોપ્યું હતું.


પોલીસ કમિશનર મનદીપ મૂકરે જણાવ્યું કે જે ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે તેમાં કરણ બરાર (૨૨ વર્ષ), કમલ પ્રીત સિંહ (૨૨ વર્ષ) અને કરણ પ્રિત સિંહ (૨૮ વર્ષ) સામેલ છે. ત્રણેય લોકો અલ્બર્ટાના એડમોન્ટનના રહેવાસી છે. કોર્ટના રેકોર્ડ અનુસાર, ત્રણેય પર હત્યાની સાથે હત્યાનું ષડયંત્ર રચવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. પોલીસનું કહેવું છે કે ત્રણેય આરોપીઓનો ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેન્ગ સાથે પણ સંપર્ક છે. આ ૨૦૨૧માં ટેમ્પરરી વિઝા લઈને કેનેડા આવ્યા હતા. કેનેડા પોલીસ અનુસાર, ત્રણેય લોકો છેલ્લા ત્રણથી પાંચ વર્ષથી કેનેડામાં રહેતા હતા. આસિસ્ટન્ટ કમિશનર ડેવિડ ટેબોલે કહ્યું કે તપાસ ચાલુ છે અને ભારત સરકાર સાથે સંબંધને પણ જોવામાં આવી રહ્યું છે. હત્યામાં અન્ય લોકો પણ સામેલ હોઈ શકે છે અને આગામી સમયમાં પણ કેટલીક ધરપકડ થઈ શકે છે.હરદીપસિંહ નિજ્જર એક શિખ અલગાવવાદી નેતા હતો. તે સાર્વજનિક રીતે ખાલિસ્તાન માટે કામ કરતો હતો, તેની માંગ ભારતમાં એક અલગ આઝાદ શિખ રાષ્ટ્રની હતી. ૧૯૭૦ના દાયકામાં શિખોના એક ગ્રુપે એક અલગાવવાદી વિદ્રોહ શરૂ કર્યો હતો ત્યારથી આ આંદોલન તે દેશમાં એક્ટિવ છે, જ્યાં શિખોની વસ્તી વધારે છે.

## ભાજપમાં સહકારી ક્ષેત્રે બળવાખોરી સામે આવી

રાજકોટ,

ઈફકોના બોર્ડ ઓફ ડિરેક્ટરની આગામી ૯ મેએ ચૂંટણી યોજવામાં આવશે. ઉમેદવારી પાછી ખેંચવાના છેલ્લા દિવસે ગુજરાત ભાજપ તરફથી સહકાર સેલના બિપીન-પટેલ-ગોતાના નામને મેન્ડેટ આપવામાં આવ્યું હતું. આ પછીય ફોર્મ ભરનારા જયેશ રાદડિયા અને પંકજ પટેલે ફોર્મ પાછું ન ખેંચતા એક જ બેઠક માટે ત્રણ ત્રણ ઉમેદવાર મેદાનમાં છે.

ઈફકોની ચૂંટણીમાં અમિત શાહની મહેનત પર પાણી ફરી વળ્યું હોય તેમ લાગે છે. જયેશ રાદડિયાને અમિત શાહ મનાવવામાં નિષ્ફળ રહ્યાં છે.આ સંજોગોમાં ગુજરાતના ૧૮૦ મત વિભાજિત થઈ જવાની સંભાવના છે. બીજી તરફ રાજયસ્તરેથી મેળવવામાં આવેલા મેન્ડેટની માફક જ કેન્દ્ર સ્તરેથી નવા મેન્ડેટ ઈશ્યૂ થવાની શક્યતા છે. સહકારી ક્ષેત્રના મોભી અને કેન્દ્રિય સહકારિતા મંત્રી અમિત શાહ આ મુદ્દે વિટો વાપરે તેવા નિર્દેશો મળી રહ્યા છે.જોકે, શિસ્તબદ્ધ ગણાતા ભાજપમાં આ સાથે જ બળવાખોરી ઊભી થઈ હોવાની લાગણી બુલંદ બની છે.






સૌરાષ્ટ્ર આસપાસ

# નરેન્દ્ર મોદી ત્રીજી વખત વડાપ્રધાન બનશે તો ભારત દુનિયામાં ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બની જશે : નડ્ડા

## ભારતીય જનતા પાર્ટીના વિવિધ વર્ગના સમર્થકોને કી વોટર્સ સંવાદ દ્વારા પ્રોત્સાહિત કર્યા



અમદાવાદ,

ત્યારે આજે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા અમદાવાદ ખાતે ભારતીય જનતા પાર્ટીના વિવિધ વર્ગના સમર્થકોને કી વોટર્સ સંવાદ દ્વારા પ્રોત્સાહિત કર્યા હતા.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ કી વોટર્સ સંવાદમાં પોતાના ભાષણમાં કોંગ્રેસ પાર્ટીને અમાવસ્યા સાથે સરખાવી હતી. તેમને ગુજરાતના વખાણ કરતા કહ્યું હતું કે, ગુજરાતે દેશને ઘણું બધું આપ્યું છે. જે. પી. નડ્ડાએ વિપક્ષને ટાંકીને કહ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી દેશ માટે પૂર્ણિમા છે, જ્યારે અન્ય પાર્ટીઓ તેમાં પણ ખાસ કરીને કોંગ્રેસ અમાવસ્યા છે. જે દેશને અંધકાર તરફ લઈ જાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ત્રીજી વખત દેશના વડાપ્રધાન બનશે, એટલે ભારત દેશ-દુનિયામાં ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બની જશે. વડાપ્રધાન મોદી દેશમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવાની વાતો કરે છે, જ્યારે ઘમંડીયા ગઠબંધન ભ્રષ્ટાચારીઓને પોષવાની વાતો કરે છે.

વિપક્ષના વિવિધ પાર્ટીઓના અગ્રણી નેતાઓ બેલ પર જામીન મેળવીને બહાર ફરી રહ્યા છે અથવા તો જેલમાં છે. કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિતની વિવિધ પાર્ટીઓના નેતાઓ કોઈ ને કોઈ ગોટાળા સાથે સંકળાયેલા જ છે. અંતમાં તેમણે કહ્યું હતું કે, હવે ગુજરાતનો સાંસદ બની ચૂક્યો છું, તેથી ગુજરાતી સમજવા લાગ્યો છું. આગામી દિવસોમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓનો પ્રવાસે પણ કરીશ.

# ૧ કરોડ રૂપિયાની જેગુઆર કાર પર PM મોદીની સિદ્ધિઓ દર્શાવી




વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુરતના એક જબરા ચાહકે અનોખી રીતે પોતાની ચાહના વ્યક્ત કરી છે. વેપારી યુવકે ૧ કરોડ રૂપિયાની જેગુઆર કાર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસવીર તેમના સ્લોગન સાથોસાથ તેમની યોજનાઓ અંગે ખાસ ડિઝાઈન તૈયાર કરાવી છે. સુરતમાં ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા સિદ્ધાર્થ દોશીએ પોતાની કાર પર ખાસ પ્રકારનો વ્રેપિંગ પ્રિન્ટિંગ લેમિનેશન કરાવ્યું છે. જે તિરંગા રંગમાં છે અને તેની ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસવીર છે. કાર ઉપર કરાયેલી ડિઝાઈનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સિદ્ધિઓ દર્શાવવામાં આવી છે, જેમાં ચંદ્રયાન, રામ મંદિર, ટ્રીપલ તલાક, કલમ **370, G20**નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા ઝડપથી શરૂ કરવાની માગ ઊઠી

## ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા ૧૦ દિવસ માટે સ્થગિત કરવામાં આવી છે

અમદાવાદ

નર્મદા ડેમના રિવર બેડ પાવર હાઉસનાં ત્રણ ટર્બાઈન ચાલુ થતાં ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા ૧૦ દિવસ માટે સ્થગિત કરવામાં આવી છે, જેને લઈને હિન્દુ સંગઠનોમાં રોષ જોવા મળી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદે આજે કલેક્ટરને આવેદનપત્ર આપીને નર્મદા પરિક્રમા શરૂ કરવા માગ કરી છે અને નર્મદા પરિક્રમા શરૂ નહી કરાય તો રાજ્યભરમાં ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. કલેક્ટર કચેરીમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના કાર્યકરોએ 'નર્મદા પરિક્રમા શરૂ કરો...શરૂ કરો', 'તઘલખી નિર્ણય પાછો લો...પાછો લો...'ના સુત્રોચ્ચાર કર્યા હતા.

# ૨૩ વર્ષે એક હજાર કરોડના કૌભાંડમાં ગ્રામ્ય કોર્ટમાં ટ્રાયલ ચાલશે

## માધવપુરા મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક કેસમાં ૩ સામે ચાર્જફ્રેમ : ૫ આરોપીઓ મૃત્યુ પામ્યા છે

અમદાવાદ

અમદાવાદની માધવપુરા મર્કન્ટાઈલ કો.ઓ. બેંકમાંથી લોન મેળવીને કરોડો રૂપિયાની ઠગાઈ આચરવાના મામલે ૨૩ વર્ષ બાદ સટ્ટાકિંગ કેતન પારેખ, દેવેન્દ્ર પંડ્યા અને જગદીશ પંડ્યા સામે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ચાર્જફ્રેમ કરવામાં આવ્યો છે. હવે આગામી ૨૭ મેના રોજ સરકાર દ્વારા કોર્ટમાં દસ્તાવેજી પૂરાવા રજૂ કરાશે. આ કેસમાં વર્તમાનમાં ત્રણ આરોપી સટ્ટાકિંગ કેતન પારેખ, દેવેન્દ્ર પંડ્યા અને જગદીશ પંડ્યા છે. આરોપીઓએ ગુન્હો કબૂલ ના કરતા હવે કોર્ટમાં ટ્રાયલ ચાલશે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૦૧માં બેંક ફડચામાં ગઈ હતી. સ્ટોક બ્રોકર કેતન પારેખની કંપનીઓએ બેંકમાંથી ગેરકાનૂની રીતે ૧,૦૨૦ કરોડ રૂપિયાની લોન લીધી હતી. જેથી બેંકમાં નાણાકીય કટોકટી સર્જાતા બેંક ફડચામાં ગઈ હતી. જેની અસર ગુજરાતની અન્ય કો-ઓપરેટિવ બેંકો ઉપર પડી હતી. આ કેસમાં ઝૅમેએ ૧૧ લોકોની ધરપકડ કરી હતી. બેંકના મેનેજિંગ ડિરેક્ટર દેવેન્દ્ર પંડ્યાએ કરેલી ડિસ્ચાર્જ અરજી કોર્ટે ફગાવી દીધી હતી. આ કેસમાં ૧૧માંથી ૫ આરોપી મૃત્યુ પામ્યા છે, ૨ આરોપીને ડિસ્ચાર્જ મળ્યું હતું, જ્યારે એક આરોપી કોમામાં છે. આ કેસમાં ૧૦૦થી વધુ સાક્ષીઓ અને ૬ હજારથી વધુ દસ્તાવેજો છે.

આ કૌભાંડમાં હજારો લોકોના પૈસા ડૂબી ગયા હતા. શેરબજારને પણ તેની અસર થઈ હતી. આ મામલામાં સો જેટલી ફરિયાદો નોંધાઈ હતી. આ કેસ જુદાજુદા કારણોસર સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો.

# મોદી સાતમીએ રાણીપની નિશાન સ્કૂલમાં ૮.૩૦ કલાકે મતદાન કરશે

અમદાવાદ,તા.૩

આગામી તા. ૭ મે ના રોજ ગુજરાતમાં ત્રીજા તબક્કાનું મતદાન યોજાનાર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તા. ૭ મે ના રોજ લોકસભાનાં ત્રીજા તબક્કાનું મતદાન કરવા માટે ગુજરાત આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાણીપની નિશાન સ્કૂલમાં મતદાન કરશે. પ્રધાનમંત્રી મોદી સવારે ૮.૩૦ કલાકે મતદાન કરશે. જયારે કેન્દ્રીય ગૃહમંત્રી નારણપુરામાં મતદાન કરશે. અમિત શાહ નારણપુરાની શાળામાં સવારે ૯.૩૦ વાગ્યે મતદાન કરશે.ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ આનંદીબેન પટેલ પણ મતદાન માટે ગુજરાત આવશે. આનંદીબેન પટેલ શીલજમાં સવારે ૧૦ વાગ્યે મતદાન કરશે. સવારે ૧૧ વાગ્યા પહેલા તમામ મોટા નેતાઓ મતદાન કરશે.

# અમદાવાદ એરપોર્ટ બે મહિનામાં જ હજારથી વધુ ચાર્ટરથી ફ્લાઈટ્સનો રેકોર્ડ નોંધાવશે




અમદાવાદ,

હાલમાં ચાલતી લોકસભા ચૂંટણી આઈપીએલ ૨૦૨૪નું પરિણામ જે આવે તે, પરંતુ તે બંને અમદાવાદ એરપોર્ટને ભર્યા છે. આઈપીએલ શરૂ થઈ તેના પછી એપ્રિલ અને હાલમાં ચાલતા મે એમ બે મહિનામાં જ અમદાવાદ એરપોર્ટ પર હજારથી વધારે ચાર્ટર્ડ ફ્લાઈટ્સ નોંધાવવાની સંભાવના વધી ગઈ છે. એકલા એપ્રિલમાં જ આ આંકડો ૮૭૦ છે અને મેંમાં ઘટે તો હજારથી વધુ ચાર્ટર્ડ ફ્લાઈટ્સના રેકોર્ડને સરળતાથી પાર કરી જશે.

રાજકીય દિગ્ગજો તેમના પક્ષો માટે પ્રચાર કરવા માટે ચૂંટણીલક્ષી ગુજરાતમાં ઉડાન ભરી રહ્યા છે, ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ટ્રાફિક કંટ્રોલરોએ શહેરના એરપોર્ટ પર ચાર્ટર એરક્રાફ્ટની હિલચાલની ઉચ્ચ આવર્તન નોંધી છે. ખાનગી જેટ અને હેલિકોપ્ટર સહિત લગભગ ૮૭૦ ચાર્ટર એરક્રાફ્ટ, એકલા એપ્રિલમાં SVPI એરપોર્ટના સામાન્ય ઉડ્ડયન ટર્મિનલ પર રેકોર્ડ કરવામાં આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ એક દિવસમાં લગભગ ૨૯-૩૦ ચાર્ટર્ડ ફ્લાઈટ્સ આવે છે. શહેરના એરપોર્ટ પર ૨૦-૨૫ ચાર્ટર એરક્રાફ્ટની સરેરાશ દૈનિક અવરજવર કરતાં આ ઓછામાં ઓછું ૧૫-૨૦% વધારે

## પોલીસકર્મીએ પોતાને જ ગોળી મારી કર્યો આપઘાત

ભરૂચ,

ભરૂચ પોલીસ હેડક્વાર્ટરમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. ભરૂચ પોલીસમાં કમાન્ડો તરીકે ફરજ બજાવતા કિરીટ વાળાએ પોતાના વેપનની મદદથી ગોળીબાર કરી આપઘાત કરી લીધો છે. ઘટનામાં બે રાઉન્ડ ફાયરિંગ થયું હોવાનો અંદાજ છે. ઘટનાના પગલે સારવાર મળે તે પૂર્વેજ કિરીટ વાળા મૃત્યુ પામ્યો હતો. આત્મહત્યા પાછળનું કારણ હજુ અકબંધ છે. પોલીસકર્મીની આત્મહત્યાની વાત વહેતી થતા ઉચ્ચ પોલીસકર્મીઓ ઘટનાસ્થળે દોડી ગયા છે.

# ઠગ ઓફ સુરત - નિલેશ કુંભાણીના વિરોધમાં પોસ્ટર વૉર : કાર્યકરોએ ફોટો પર ચઢાવ્યો સુખડનો હાર

સુરત,

લોકસભાની ચૂંટણી માટે મતદાન આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સુરતના બિનહરીફ થયેલી બેઠકના મતદારો અને કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ફોર્મ રદ થયાં બાદ નિલેશ કુંભાણી ગાયબ હતા, તે સમયમાં વિરોધ નબળો પડ્યો હતો. પરંતુ ગઈકાલે કુંભાણી સુરત આવ્યાની વાત બાદ વરાછા વિસ્તારમાં કેટલાક કાર્યકરોએ રાત્રીના સમયે વરાછા વિસ્તારમાં પોસ્ટર બેનર લગાવીને કુંભાણી સામે વિરોધ પ્રગટ કર્યો હતો. કેટલીક જગ્યાએ કુંભાણીના ફોટા પર કાર્યકરોએ સુખડનો હાર ચઢાવીને પોતાનો રોષ ઠાલવ્યો હતો.



લોકસભા ૨૦૨૪માં દેશનું પરિણામ જાહેર થાય તે પહેલા જ સૌથી પહેલી સુરત બેઠક પર પરિણામ જાહેર થઈ ગયું છે. કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી અને કોંગ્રેસના ડમી ઉમેદવારનું ફોર્મ રદ થયું અને નાટકીય ઢબે અન્ય ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ વિજેતા જાહેર થયા છે.

## ભાજપવાળા જ મને મત આપવાનું કહે છે - ગેનીબેન ઠાકોર

પાલનપુર

પાલનપુરના લક્ષ્મીપુરા ખાતે યોજાયેલી કોંગ્રેસની સભામાં ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે ભાજપના ઉમેદવારને ટિકિટ અપાવવાવાળાનો અને તેમના પતિનો ત્રાસ આખા પાલનપુરમાં છે. ઘણા ભાજપવાળા પણ મને ઘણીવાર કહે છે કે બેન, તમે ચિંતા ન કરો, ભલે અમે ભાજપના પટ્ટા લઈને ફરીએ, ભલે અમે જિંદગીમાં કોંગ્રેસને વોટ ક્યારે ન આપ્યો હોય, પણ સાતમી તારીખે તમારા ફોટા સામે જોઈને મત તો તમને જ આપીશું.

# જીવન સાથીની વસમી વિદાય ભૂલી ત્રીજા દિવસે નાયબ ચૂંટણી અધિકારી કામે લાગ્યા

વડોદરા,


વડોદરાના નાયબ ચૂંટણી અધિકારી વિવેક ટાંકે ફરજ નિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ સાબિત કર્યું છે. કેન્સરના રોગથી પીડાતા પત્ની પ્રજ્ઞાબેન ટાંકનું અવસાન થયું હોવા છતાં પત્નીની લોકીક ક્રિયા પતાવી ત્રીજા દિવસે ફરજ પર હાજર થઈ મતદાન પણ કર્યું છે. જીવન અને મૃત્યુ વિધિના લેખ પ્રમાણે થતું હોય છે આ બાબતને આત્મસાત કરી વડોદરાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ પોતાના જીવન સાથીની વસમી વિદાય હૃદયમાં ધરબી દઈ પત્નીના અવસાનના ત્રીજા દિવસે ફરજ પર હાજર થઈ ચૂંટણીની કામગીરીમાં લાગી ગયા છે.

વાત છે વડોદરા જિલ્લાના નાયબ જિલ્લા ચુંટણી અધિકારી વિવેક ટાંકની...તેમના પત્ની પ્રજ્ઞાબેન ટાંક કેન્સરની બીમારીથી ગ્રસ્ત હતા. તેમને ૨૭ તારીખે ફાની દુનિયામાંથી વિદાય લીધી. વિવેક ટાંક પત્નીની અંતિમ વિધિ જૂનાગઢ વતનમાં કરી ૨૯ તારીખે બેસણાની વિધિ પતાવીને ૩૦ તારીખે પરત ફરજ પર હાજર થયા છે અને પોસ્ટલ બેલેટથી મતદાન કરી મતદાર તરીકેની ફરજ પણ અદા કરી છે.

વિવેક ટાંકે પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠાના કારણે દુઃખદ પરિસ્થિતિમાં પણ ફરજ પર હાજર થઈને પોતાનું કામ શરૂ કરી દિધું છે.

# અંબાજી મંદિરમાં કોટન બેગના વેન્ડિંગ મશીન મુકાયાં

## ૫ રૂપિયાનો સિક્કો મશીનમાં નાખવાથી ઓટોમેટિક કપડાની થેલી બહાર આવશે : વેન્ડિંગ મશીનને પૂજાવિધિ કરી ખુલ્લું મુકાયું



અંબાજી

અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટએ અંબાજીને પ્લાસ્ટિક મુક્ત બનાવવા બે નવી પહેલ શરૂ કરી છે. યાત્રિકો મંદિરમાં કપડાંની થેલીનો ઉપયોગ કરે માટે વેન્ડિંગ મશીન મુકાયા છે. જેમાં ૫ રૂપિયાનો સિક્કો મશીનમાં નાખવાથી ઓટોમેટિક કપડાની થેલી બહાર આવશે. આ સાથે જ ખાલી પ્લાસ્ટિક બોટલો માટે ક્સર મશીન પણ મુકવામાં આવ્યા છે.

પ્લાસ્ટિકથી ફેલાતા પ્રદુષણથી વન પર્યાવરણને ભારે નુકશાની થતી હોય છે. જેથી અનેકો મૂંગા પશુઓ પણ પ્લાસ્ટિક ખાઈને મોતને ભેટ ચઢતા હોય છે. તેવી બાબતોને ધ્યાને લઇ ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર પૂરજોશથી પ્લાસ્ટિક મુક્ત અભિયાન ચલાવી રહી છે. તેને લઈને અનેકો કાર્યક્રમો અને યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. ત્યારે શક્તિપીઠ અંબાજી ધામ પણ પ્લાસ્ટિક મુક્ત બને તે માટે અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા આ અભિયાન હાથ ધરાયું છે. જેમાં અંબાજી મંદિરમાં પ્રસાદ માટે અપાતી પ્લાસ્ટિકની થેલીઓ સામે હવે કપડાંની થેલીઓનું વિતરણ કરવામાં આવશે.

# ભાજપના ઉમેદવાર મનસુખ માંડવિયા માટે અનુપમા ફેમ રૂપાલી ગાંગુલી પ્રચાર કરશે


મુંબઈ,

લોકસભાની ચૂંટણી કુલ સાત તબક્કામાં યોજાનારા છે. ત્યારે ગુજરાતમાં ત્રીજા તબક્કામાં ૭ મી જૂનના રોજ મતદાન યોજાનાર છે. આ મતદાન પહેલાં જનમત હાંસલ કરવા માટે પ્રચારો પુરજોશ પ્રચાર કરી રહ્યાં છે. ત્યારે પોરબંદર ખાતે કેન્દ્રીય મંત્રી અને ભાજપના ઉમેદવાર મનસુખ માંડવિયાના પ્રચારમાં જાણીતી અભિનેત્રી રૂપાલી ગાંગુલી પણ જોવા મળશે. રૂપાલી ગાંગુલી એક એવો ચહેરો છે જે 'અનુપમા' સીરિયલથી ઘરેઘરે જાણીતો બન્યો છે.

ગુજરાત પ્રધાનમંત્રી મોદીનું હોમ સ્ટેટ છે. એ જ કારણ છેકે, અહીં ભાજપને વધારે પ્રચાર પ્રસાર કરવાની જરૂર રહેતી નથી. વર્ષ ૨૦૧૪ અને ત્યાર બાદ ૨૦૧૯ આમ છેલ્લી બે ટર્મથી ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપ જ જીતતું આવ્યું છે. તેનું સૌથી મોટું કારણ છે, નરેન્દ્ર મોદી. ત્યારે આ વખતે મોદીની ત્રીજીવાર પ્રધાનમંત્રી બનાવવા માટે ભાજપના ઉમેદવારો મતદારો પાસે થઈ રહ્યાં છે. એવામાં અનુપમા સીરીયલથી ઘરેઘરે જાણીતી અભિનેત્રી રૂપાલી ગાંગુલી પણ આજે મનસુખ માંડવિયા માટે ગુજરાતમાં પ્રચાર કરી રહી છે.

# સુરત બન્યું ગુજરાતનું સૌથી વધુ વસ્તીવાળું શહેર

## અમદાવાદ શહેરનો દરજ્જો છીનવાયો!



અમદાવાદ,તા.૩

ગુજરાતની વાણિજયક રાજધાની અમદાવાદ લાંબા સમયથી કદ અને વસ્તી બંનેમાં શિરમોર હતું. જો કે, શહેરી વિકાસ વિભાગ દ્વારા પીવાના પાણી પુરવઠા અંગેનો નવો અહેવાલ નવી જ હકીકત તરફ નિર્દેશ કરે છે. અમદાવાદ સુરત (૪૬૨.૧૪ ચોરસ કિમી) ની તુલનામાં વિશાળ વિસ્તાર (૪૮૦ ચોરસ કિમી) ધરાવે છે, ત્યારે સુરતની મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદની ૮૦ લાખની સરખામણીમાં વધુ મોટી વસ્તી ૮૨ લાખની વસ્તીની પીવાના પાણીની જરૂરિયાત પૂરી કરે છે. આમ હવે પાણી પૂરા પાડવાના ધોરણે જોઈએ તો સુરત પરપ્રાંતીયોની ભારે સંખ્યાના લીધે અમદાવાદની વસ્તીને વટાવી ગયું છે.

"મોટાપાયા પર આવેલા પરપ્રાંતીયોના કારણે, અમારી મ્યુનિસિપલ સેવા મર્યાદામાં લોકોની સંખ્યા અમદાવાદ કરતાં વધુ છે. સુરત માટે અંદાજિત વસ્તી દરરોજ સપ્લાય કરવામાં આવતા પીવાના પાણી અને મ્યુનિસિપલ હદમાં હાઈડ્રોલિક વિભાગમાં તેના ઉપયોગના આધારે ગણવામાં આવે છે," એમ એક એન્જિનિયરે જણાવ્યું હતું. "અમે પુરવઠા દરમિયાન લીક ગયેલા પાણીને ધ્યાનમાં રાખીને નિર્ધારિત ધોરણો કરતાં વધુ પાણી સપ્લાય કરીએ છીએ. અમે તાપીમાંથી પાણી મેળવીએ છીએ," એમ તેમણે ઉમેર્યું હતું.૨૦૧૧ની વસ્તી ગણતરીના અહેવાલમાં, અમદાવાદની વસ્તી ૫૫.૭૭ લાખ હતી જ્યારે સુરતની વસ્તી ૪૪.૬૬ લાખ હતી. દશવાર્ષિક વસ્તી ગણતરીની કવાયત આ વર્ષે યોજાય તેવી અપેક્ષા છે. સુરતની સર્વિસ કરેલી વસ્તી અમદાવાદ કરતાં વધુ કેમ છે તે અંગે પૂછવામાં આવતા યુડીડીના એક વરિષ્ઠ અધિકારીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. યુડીડી રિપોર્ટ રાજ્યની આઠ મોટી મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં પાણીના વપરાશમાં અસમાનતાને પણ પ્રકાશિત કરે છે, જે દરરોજ માથાદીઠ લિટરમાં માપવામાં આવે છે.

# હોમગાર્ડ ડિવિઝન ઈન્ચાર્જ લાંચ લેતા ઝડપાયા

## સિવિલ હોસ્પિટલમાં હોમગાર્ડ જવાનો પાસે શિફ્ટ મુજબ નોકરી ફાળવવા ૧૫૦૦ રૂપિયાની લાંચ માગી

અમદાવાદ

અમદાવાદમાં સિવિલ હોસ્પિટલમાં હોમગાર્ડ જવાનો પાસેથી શિફ્ટ મુજબ નોકરી ફાળવવા માટે નરોડા ડિવિઝન ૯ અને સિવિલ હોસ્પિટલના GISF ડિવિઝનના ઈન્ચાર્જે રૂપિયા ૧૫૦૦ની લાંચ માગી હતી. જેથી હોમગાર્ડ જવાનોએ ACBને ફરિયાદ કરતાં ટ્રેપ ગોઠવી ડિવિઝન ઈન્ચાર્જ (પ્લાટુન કમાન્ડન્ટ) મનોજ સોલંકીની ધરપકડ કરી હતી. પોઈન્ટ ઉપર હોમગાર્ડ જવાનો હાજર હોય તો પણ કોઈપણ રીતે તેમનો વાંક કાઢી અને હેરાન પરેશાન કરી પૈસાની માગણી કરતા હોવાની ફરિયાદ ઉઠી હતી. જેથી છેવટે હોમગાર્ડ જવાનોએ એસીબીનો સંપર્ક કરી લાંચિયા અધિકારીને પકડાવ્યો હતો.

હોમગાર્ડ ડિવિઝન ઈન્ચાર્જ (પ્લાટુન કમાન્ડન્ટ) મનોજ સોલંકીને ફરજ નોકરી વહેંચણી તથા શિફ્ટ મુજબ પોઈન્ટ ફાળવણી કરવાની હોય છે. પરંતુ તેઓ તેનો ગેરલાભ ઉઠાવી હોમગાર્ડો પાસેથી દર માસે વ્યક્તિ દીઠ રૂપિયા ૫૦૦ની લાંચની માંગણી કરતા હતા. લાંચ મેળવવા માટે અવારનવાર પોઈન્ટ ચેક કરી હોમગાર્ડ જવાન હાજર મળી આવે તો પણ યેનકેન પ્રકારે હેરાન પરેશાન કરી ગમે તે વાંક કાઢી પૈસા આપવા મજબૂર કરતા હતા. દર મહિને રૂપિયા ૫૦૦ની લાંચ પેટેનો વહેવાર માંગતા હતા. ત્રણ હોમગાર્ડ જવાનના રૂપિયા ૧૫૦૦ની લાંચ માગી હતી. જે લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી ACBનો સંપર્ક કરતા ફરિયાદીની ફરિયાદના આધારે ACBએ સિવિલ હોસ્પિટલ પાસે જ ટ્રેપ ગોઠવીને મનોજ સોલંકીને લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધા હતા.

# જામનગરની ભાગોળે ખીજડીયામાં યોજાયેલા ક્ષત્રિય અસ્મિતા મહા સંમેલનમાં વિશાળ સંખ્યામાં ક્ષત્રિય ભાઈઓ-બહેનો જોડાયા








તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : રાજકોટની બેઠકના ભાજપના ઉમેદવાર પુરષોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજ દ્વારા સમગ્ર ગુજરાતભરમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે, અને જુદા જુદા આંદોલન આત્મક કાર્યક્રમો અપાઈ રહ્યા છે, જેના અનુસંધાને ગઈકાલે સાંજે જામનગર નજીક ખીજડીયા બાયપાસ પાસે ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલન યોજાયું હતું. જેમાં ભાજપ વિરોધી મતદાન કરવા હાકલ કરવામાં આવી હતી.

આ મહાસંમેલનમાં ક્ષત્રિય સમાજના રમજુભા જાડેજા, પી.ટી. જાડેજા, પી.એસ. જાડેજા, કરણસિંહ ચાવડા, હરપાલસિંહ ચુડાસમા અને તૃપ્તિબા રાઓલજી સહિતના સૌરાષ્ટ્ર કચ્છના અનેક ક્ષત્રિય આગેવાનો જોડાયા હતા. અને મંચ પરથી આગેવાનોએ સત્ય સમાજના સંમેલનમાં જાહેરમાં સંબોધન કર્યું હતું, અને ભાજપ વિરોધી મતદાન કરવા માટેની હાકલ કરી હતી. રાજપુત સમાજના આગેવાનોએ ભાજપ સામે કોઈપણ પ્રકારે નમતું નહીં જોખવાના નિર્ધાર કર્યો હતો. અને જાહેરમાં કોંગ્રેસના ઉમેદવારને સમર્થન કરીને મતદાન કરવાનો સંકલ્પ લેવાયો હતો.

ક્ષત્રિય મહિલા અગ્રણી તૃપ્તિબા રાઓલ દ્વારા બે અલગ વોટ્સએપ નંબર મંચ પરથી જાહેર કરવામાં આવ્યા હતા, અને ક્ષત્રિય સમાજના આ હેલ્પલાઈન નંબરો મારફતે વહેલી સવારથી જ દરેક બુથ પર ગોઠવાઈ જઈ ક્ષત્રિય સમાજનું ૧૦૦ ટકા મતદાન કરાવવા અને ભાજપના વિરોધમાં મતદાન કરવા માટેની હાકલ કરી હતી. જ્યારે ક્ષત્રિય અગ્રણી પી.ટી. જાડેજાએ પ્રત્યેક ઉપસ્થિત જનમેદનીને જય ભવાનીના નારા સાથે ભાજપના વિરોધમાં મતદાન કરવાના શપથ લેવડાવ્યા હતા, અને વહેલી સવારથી જ પ્રત્યેક વ્યક્તિએ ૧૦ મત અપાવવા માટે હાકલ કરી હતી. દરેક બુથમાં પોતે તેમજ પોતાના પરિવાર અને અન્ય મતદારોને વહેલી સવારથી મતદાન કરાવવા માટે ભાર મૂક્યો હતો. ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલનમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના અન્ય કેટલાક સમાજના આગેવાનોએ પણ ઉપસ્થિત રહીને ક્ષત્રિય સમાજના અસ્મિતાના આંદોલનને ટેકો જાહેર કર્યો હતો, અને ભાજપ વિરુદ્ધ મતદાન કરવા સમર્થન આપ્યું હતું. આ ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલનમાં જામનગરની લોકસભા બેઠકના કોંગી ઉમેદવાર જે.પી. મારવીયા ઉપસ્થિત રહ્યા હતા, અને તેઓએ કોઈપણ સંજોગોમાં પક્ષ પલટો નહીં કરૂ, અને કોંગ્રેસ પાર્ટીને જ સમર્થન આપીને ભાજપ વિરુદ્ધની લડતમાં જોડાઈ તે પ્રકારનું સોગંદનામુ મંચ પરથી રજૂ કર્યું હતું.

# જામનગરમાં ખાનગી સ્કૂલમાં વિદ્યાર્થીઓની માથાકૂટમાં મોટેરાઓ બાખડી પડયા

જામનગર : જામનગર ની એક ખાનગી સ્કૂલમાં ફૂટબોલ ની રમતમાં એક વિદ્યાર્થીને ધક્કો લાગ્યો હોવાથી તેના પિતાએ ખોડિયાર કોલોની વિસ્તારમાં બબાલ કરી હતી, અને બીજા વિદ્યાર્થીના પિતાને બોલાવી ક્રિકેટના બેટ વડે લમધારી નાખ્યા હતા. જે બનાવ સંદર્ભે બે સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં હીરા પાર્ક સોસાયટીમાં રહેતા અને ઈલેક્ટ્રિશિયનનું કામ કરતા અરવિંદભાઈ ભવાનભાઈ ભટ્ટ નામના ૪૦ વર્ષના વીપ્ર યુવાને પોતાના ઉપર ક્રિકેટના બેટ વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે રવિ ફલિયા અને તેના એક સાગરીત સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી અરવિંદભાઈ અને આરોપી રવિ ફલીયા જે બંનેના પુત્ર જામનગર નજીક વસઈ ગામમાં આવેલી એક ખાનગી સ્કૂલમાં સાથે અભ્યાસ કરે છે. જ્યાં ફૂટબોલની રમત રમતી વખતે ફરિયાદી ના પુત્રનો આરોપીના પુત્રને ધક્કો લાગી ગયો હતો, અને પડી ગયો હોવાથી ઈજસ થઈ હતી. જે બનાવનું ઉપરાણું લઈને ઈજાગ્રસ્ત બાળક ના પિતા રવિ ફલિયા ખાનગી સ્કૂલમાં પહોંચ્યા હતા. જ્યાં ધક્કો મારનાર વિદ્યાર્થીના પિતા ના મોબાઈલ નંબર મેળવીને તેને ખોડીયાર કોલોની વિસ્તારમાં બોલાવ્યા હતા. ત્યાં અરવિંદભાઈ ભટ્ટ પહોંચતાં તેના પર રવિ ફલિયા અને તેના સાગરીતે કારમાંથી બેટ કાઢીને આડેધડ હુમલો કરી ઈજા પહોંચાડી હતી. તેથી મામલો સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને પોલીસે અરવિંદભાઈ ભટ્ટની ફરિયાદના આધારે આરોપો રવિ ફલિયા અને તેના સાગરીત સામે ગુનો નોંધી બંનેની શોધખોળ હાથ ધરી છે.

## જામનગરમાં મતદાન જાગૃતિ અંતર્ગત આવતીકાલે "રન ફોર વોટ કેમ્પેઈન"નું આયોજન

જામનગર : લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત વધુમાં વધુ લોકો મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં ભાગ લે તે હેતુથી જામનગર જિલ્લામાં વિવિધ મતદાન જાગૃતિ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે જામનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે આવતીકાલ તા.૫-૦૫-૨૦૨૪ના રોજ રન ફોર વોટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વધુમાં વધુ લોકોને ભાગ લેવા માટે જિલ્લા રમત વિકાસ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી અને સ્વીપ નોડલ અધિકારી દ્વારા અપીલ કરવામાં આવી છે.

આવતીકાલ તા. ૫ મે ના રોજ સવારે ૭ કલાકે અજીતસિંહજી ક્રિકેટ પેવેલિયન (ક્રિકેટ બંગલો)થી રેલીનું પ્રસ્થાન થશે. ત્યાર બાદ ટાઉનહોલ, તીનબત્તી સર્કલ, લીમડાલેન થઈને ક્રિકેટ બંગલો ખાતે કાર્યક્રમની પૂર્ણાહુતિ થશે.

# જોડિયા નજીક ખીરી ગામ ટ્રકમાં કોલસાના જથ્થામાં આગની ઘટનાથી દોડધામ





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના ખીરી ગામ પાસે એક હાઈવે હોટલના પાર્કિંગમાં પાર્ક કરવામાં આવેલા ટ્રકમાં રખાયેલા કોલસા ના જથ્થામાં અકસ્માતે આગ લાગી હતી.

આ બનાવની વિગત એવી છે કે જામનગર- જોડિયા ધોરી માર્ગ પર ખીરી ગામ પાસે મોગલ માના મંદિરની નજીક આવેલી મોગલ કૃપા માલધારી હોટલના પાર્કિંગમાં જી.જે.૧૨ સી.ટી. ૧૩૯૧ નંબરનો ટ્રક પાર્ક કરવામાં આવ્યો હતો, અને તેમાં કોલસા નો મોટો જથ્થો સંગ્રહ કરીને રખાયો હતો. જે કોલસા ના જથ્થામાં આજે સવારે ૮.૩૦ વાગ્યાના અરસામાં અકસ્માતે આગ લાગી હતી, અને ધુમાડા ના ગોટેગોટા જોવા મળી રહ્યા હતા.

જે આગ ના બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરાતાં જામનગર મહાનગરપાલિકાની ફાયર શાખાની ટુકડી ખીરી ગામે પહોંચી ગઈ હતી, અને પાણીના એક ટેક્રર વડે પાણી નો મારો ચલાવી આગ બુઝાવી દીધી હતી. તેમજ ટ્રકમાં ભરેલો કોલસો ધીમે ધીમે જુદો પાડીને બહાર કાઢી લીધો હતો, જેથી ટ્રક સળગતો બચી ગયો હતો.

# જામનગર લોકસભા બેઠકના ઉમેદવાર પૂનમબેન માડમને ગોકુલનગર વૈષ્ણવ રામાનંદી સાધુ સમાજનું પ્રચંડ સમર્થન

જામનગર : જામનગર-૧૨ લોકસભાની બેઠકના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પુનમબેન માડમ કે જેઓને ગોકુલ નગર વૈષ્ણવ રામાનંદી સાધુ સમાજે એક કર્તવ્યનિષ્ઠ સંસદ સભ્ય ગણાવ્યા છે, અને અગાઉના ૧૦ વર્ષના કાર્યકાળ દરમિયાન જનતાની સાથે અને જનતાની વચ્ચે ઊભા રહીને તેઓના પ્રશ્નોને વાચા આપીને છેક દિલ્હી સુધી અવાજ પહોંચાડી તેનું નિરાકરણ લાવવાની બખૂબી જવાબદારી નિભાવી છે. આવા કર્તવ્યનિષ્ઠ સાંસદ પૂનમબેન માડમને ગોકુલનગર વૈષ્ણવ રામાનંદી સાધુ સમાજે પ્રચંડ સમર્થન આપ્યું છે. તેઓ ફરીવાર એટલે કે ત્રીજી ટર્મમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉજવળ ત્રીજા કાર્યકાળમાં સાક્ષી બની અને તેમાં પુનમબેન માડમનું પણ યોગદાન જોડાયેલું રહે, તે માટે સમગ્ર વૈષ્ણવ રામાનંદી સાધુ સમાજ તરફથી અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.



તસવીર: સુનિલ ચુડાસમા

સાથોસાથ પૂનમબેન માડમ પોતાની ત્રીજી ટર્મમાં પાંચ લાખ મતોના વિશાળ માર્જિનથી વિજયી બને, તેવી પ્રભુ શ્રીરામ અને માતા જાનકીના ચરણોમાં સર્વે સમાજ દ્વારા પ્રાર્થના કરવામાં આવી છે, અને સમગ્ર સાધુ સમાજ પૂનમબેન માડમને વિશ્વાસ આપે છે, કે તેઓ હર હંમેશાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ભારતીય જનતા પાર્ટી તેમજ પૂનમબેનની સાથે જ ઊભો છે, અને હર હમેશા સમગ્ર સમાજ સાથે જ ઉભો રહેશે. આ ઉપરાંત સાંસદ પૂનમબેનનું સ્વાસ્થ્ય ખૂબ જ સારું રહે, અને આવનારી ત્રીજી ટર્મનો કાર્યકાળ પણ ખૂબ જ ઉજવળ બની રહે, અને ભારતને સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવામાં જામનગરનો પણ ખૂબ મોટો ફાળો રહે, તેવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરવામાં આવી હોવાનું ગોકુલનગર વૈષ્ણવ રામાનંદી સાધુ સમાજના પ્રમુખ કિશોરભાઈ એમ. દેવમુરારી તથા સમાજના અન્ય અગ્રણીઓ દ્વારા જણાવાયું છે.

# જામનગર તાલુકાના શાપર ગામે અજ્ઞાત યુવકનો મૃતદેહ સાંપડયો

જામનગર : જામનગર- ખંભાળિયા ધોરીમાર્ગ પર શાપર ગામના પાટીયા નજીકથી ચાલીસ વર્ષની વયના અજાણ્યા પુરુષનો મૃતદેહ સાંપડ્યો છે. પોલીસે મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે, અને તેની ઓળખ કરવા માટે જામનગરની જી.જી. હોસ્પિટલના કોલ્ડરૂમમાં મુકાવ્યો છે.આ બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના શાપર ગામમાં રહેતા અને ખેતી કામ કરતા અશ્વિનભાઈ લલીતભાઈ પટેલ નામના ખેડૂતે શાપર ગામના પાટીયા થી જામનગર જતા હાઈવે રોડ પર બે દિવસ પહેલાં એક ટ્રકની કેબિન સળગી ગઈ હતી, તે કેબિનના પાછળના ભાગમાં ગંજી પહેરેલો ૪૦ થી ૪૫ વર્ષની વય ના પુરુષ નો મૃતદેહ પડ્યો છે, તેવી માહિતી સિક્કા પોલીસને આપી હતી.



જે માહિતીના આધારે સિક્કા પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ ચંદ્રકાંતભાઈ ગાંભવા ઘટના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરાવાયું હતું. પ્રાથમિક દ્રષ્ટિએ તેનું હ્રદય બંધ પડી જવાના કારણે મૃત્યુ નીપજ્યું હોવાનું જાણવા મળી રહ્યુ છે. જ્યારે મૃતક યુવાન પરપ્રાંતિય હોવાનું પણ જણાઈ આવે છે.જે મૃતદેહની ઓળખ કરવા માટે હાલ મૃતદેહને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલના કોલ્ડરૂમમાં રાખવામાં આવ્યો છે, અને તેની ઓળખ કરવા માટે સિક્કા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર. એચ. બાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ભાણવડની હોસ્ટેલમાં વિદ્યાર્થિનીના આપઘાત પ્રકરણમાં સીટની કરાઈ રચના

ખંભાળિયા : ભાણવડમાં આવેલી એક હોસ્ટેલમાં થોડા દિવસ પહેલાં ધો.૯માં ભણતી એક વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. તે મામલાની સ્થાનિક પોલીસ દ્વારા ચાલી રહેલી તપાસ દરમિયાન એસપીએ સીટની રચના કરી છે. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈએ તપાસનો દૌર સંભાળ્યો છે. વિદ્યાર્થિનીના કપડા, સ્યુસાઈડ નોટ એફએસએલમાં મોકલાયા છે.



દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ શહેરમાં ધો.૯માં અભ્યાસ કરતી સેજલબેન રૂડાભાઈ કોડીયાતર નામની રબારી કિશોરીએ ભાણવડમાં જ આવેલી શિવકૃપા હોસ્ટેલમાં એક ઓરડામાં રહેલા પંખામાં દોરડું બાંધી આપઘાત કરી લીધો હતો. તેની પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. આત્મહત્યાના આ કેસની તપાસ માટે જિલ્લા પોલીસવડા નિતેશ પાંડેયએ સૂચના આપતા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ બ્રહ્મભટ્ટ, પીએસઆઈ નોઈડાએ ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ તપાસ આરંભી હતી. આ વિદ્યાર્થિનીએ નોટબુકના પાનામાં લખેલી સ્યુસાઈડ નોટ તેમજ તેણીના વસ્ત્રો અને દુપટ્ટો વગેરે વસ્તુઓ એફએસએલમાં ચકાસણી માટે મોકલી આપવામાં આવી છે.

ઉપરોક્ત બનાવ અંગે ભાણવડ પોલીસે તપાસ હાથ ધરી હતી પરંતુ કેટલીક કુશંકાઓ અને વાતો ફેલાતા દ્વારકાના એસપીએ આત્મહત્યાના આ બનાવની ઉંડાણપૂર્વકની તપાસ માટે સીટની રચના કરી છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત મહેંદી સ્પર્ધા





દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદારોમાં જાગૃતતા કેળવવા અનેકવિધ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEE) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. નાગરિકો પણ મતદાન કરે અને અન્યને પણ લોકશાહીના આ પર્વમાં સહભાગી થવા પ્રેરણા આપે એવી અપીલ કરવામાં આવી હતી. આ અન્વયે મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાભરમાં સામૂહિક મહેંદી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મહિલાઓએ મતદાન જાગૃત્તિ માટે '૭ મે અચૂક મતદાન', 'I Am ready to Vote', ' છે આ સૌની જવાબદારી, મત આપે સૌ નરનારી', જેવા વિવિધ સૂત્રોને અવનવી મહેંદી ભાત મૂકાવીને મહિલાઓએ અનોખી રીતે મતદાન જાગૃત્તિ કાર્યક્રમમાં પોતાનો સહયોગ પૂરો પાડ્યો હતો. આ તકે મહિલાઓએ મતદાન અનુરોધ કરતી મહેંદી મૂકાવી અચૂક મતદાનના શપથ લીધા હતા.

# દ્વારકાના સુદર્શન સેતુ ખાતે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત બાઈક રેલીનું કરાયું આયોજન





તસવીર: રાકેશ સામાણી

દ્વારકા

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્વીપ પ્રવૃત્તિ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર જી. ટી. પંડ્યાના માર્ગદર્શનમાં લોકશાહીના મહાપર્વમાં મહત્તમ મતદાન થાય તે માટે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

જે અન્વયે આજરોજ તા.૦૪/૦૫/૨૦૨૪ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના સુદર્શન સેતુ ખાતે મતદાન જાગૃતિ અર્થે મામલતદાર દ્વારકા સહિતની ઉપસ્થિતિમાં બાઈક રેલી યોજાઈ હતી. જેમાં મતદાન જાગૃતિ સાથે સાથે બાઈક ચાલકોએ હેલ્મેટ પહેરીને માર્ગ સલામતીનો સંદેશો પણ પાઠવ્યો હતો.ઉપરાંત મતદાનના અનેક સૂત્રો સાથે બાઈક ચલાવીને મતદાન જાગૃતિ અભિયાનમાં સહભાગી બની અને ૧૦૦% મતદાન કરશું અને મહત્તમ મતદાન કરવા માટે અન્ય નાગરિકોને પણ પ્રેરિત કરવાના સંકલ્પ લીધા હતા.

બાઈક રેલીમાં દ્વારકા તાલુકા વિકાસ અધિકારી, દ્વારકા મામલતદાર, ઓખા નગરપાલિકાના ચીફ ઓફિસર સહિત બહોળી સંખ્યામાં શિક્ષકો, કર્મચારીઓ જોડાયા હતા.

# જામનગરમહાનગર પાલિકા દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરી અન્વયે કેનાલ સફાઈનો પ્રારંભ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : આગામી ચોમાસાની સીઝનને ધ્યાનમાં રાખીને જામનગર મહાનગર-પાલિકા દ્વારા કેનાલોની સફાઈ માટે પ્રિ-મોન્સૂન કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. ૪૦ રનિંગ કિ .મી.ની કેનાલની સફાઈ કામગીરી માટે આશરે અડધો કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે.

જામનગર મહાનગર-પાલિકા દ્વારા પ્રતિ વર્ષ પ્રિ મોન્સૂન અન્વયે કેનાલ સફાઈ કામગીરી કરવામાં આવે છે. ચાલુ વર્ષ આ કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. અને માસાંતે આ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે.

કુલ ૧૧ વિભાગ પાડવામાં આવ્યા છે. દરેક વિભાગમાં અલગ અલગ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં પાણી વહન કરતી ખુલ્લી કેનાલ ફિડિંગ કેનાલ, નવનાલા વિસ્તાર વગેરેનો સમાવેશ થાય છે. જોકે, અમુક જગ્યાએ કેનાલ ઉપર સ્લેબ બનાવી નાંખવામાં આવ્યા છે. ત્યાં મશીનરીથી કામ થઈ શકશે નહીં. હવે તે સ્લેબ કાયદેસર છે, કે ગેરકાયદેસર. તે જોવાની જવાબદારી મહાનગર-પાલિકાની છે. આ સંદર્ભે પ્રિ-મોન્સૂન સફાઈ કામગીરી માટે અડધા કરોડનું બજેટ ફાળવાયું છે.

# નોકરી કરતાં દરેક વ્યક્તિની મતદાનના દિવસે સવેતન રજા મંજૂર કરવાની રહેશે

જામનગર : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪, તા.૦૭/૦૫/૨૦૨, મંગળવારના રોજ જે-તે મતવિભાગમાં યોજાનાર છે. ત્યારે જે-તે વિસ્તારની દુકાન કે સંસ્થાઓમાં કામ કરતા શ્રમયોગીઓ તથા કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ટ કંડીશન્સ ઓફ સર્વિસ) એક્ટ-૨૦૧૯ હેઠળ આપવાની અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો અઠવાડિક રજા બદલી કરીને દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતા દરેક વ્યક્તિની મતદાનના દિવસે રજા મંજુર કરવાની રહેશે. શ્રમયોગી/કર્મચારીના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહી. જો કોઈ માલિક લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫-બી ની જોગવાઈ વિરૂદ્ધ વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે.

# જામજોધપુરના બાલવા ગામે સસ્તા અનાજની દુકાનમાંથી શંકાસ્પદ જથ્થો જપ્ત કરાયો

જામનગર : જામ જોધપુર તાલુકાના બાલવા ગામે ગ્રામજનો તેમજ ગ્રાહકોની રજુઆતને પગલે જામ જોધપુરના મામલતદાર વાઘેલા દ્વારા મધરાત્રે બાલવા ગામે આવેલી વિનોદ કનેરીયાની દુકાને તથા ગોડાઉન ઉપર દરોડો પાડવામાં આવ્યો હતો. અને

મામલતદાર દ્વારા ચોખા- ચણા- બાજરી- ખાંડ- જેવો શંકાસ્પદ જથ્થો જપ્ત કરી આગળની કાર્યવાહીની તપાસ શરૂ કરી છે. ત્યારે ચર્ચાતી વિગત મુજબ વગદાર કહેવાતા આ સસ્તા અનાજના દુકાનદારને ત્યાં અનેક વખત પુરવઠાના દરોડા પડેલા છે, પણ વગ અને પૈસાના જોરે કોઈ નક્કર કાર્યવાહી થતી નથી. ત્યારે આ દુકાનદાર પાસે એકથી વધારે દુકાનનો પણ ચાર્જ છે, તેમજ હાલના કર્તવ્ય નિષ્ઠ મામલતદાર દ્વારા યોગ્ય તપાસ થાય, અને દાખલા રૂપ પગલા લેવાય, તેવી લોક માંગ પ્રવર્તી છે. તેમજ આ વિસ્તારમાં ભુતિયા કાર્ડ છે કે નહિ, તે પણ તપાસનો વિષય છે.

**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળ:**

સોમવાર, 6 મે 2024; સાંજે 7:30 વાગ્યાથી.
હોટલ કલાતીત ઈન્ટરનેશનલ, ડીએસપી બંગલો પાસે, તીન બત્તી, જામનગર, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: પિયુષ સાવલાણી, મોબાઈલ : 79843 56913.
નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 6:30 સુધીનો જ રહેશે.
વોક-ઈન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav | HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈપણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## અફઘાન શરણાર્થીઓનો માનવીય પ્રશ્ન

અફઘાનિસ્તાનમાં તાલીબાન સરકાર આવી અને લોકો પર અત્યાચારો વધવા મંડ્યા એટલે ત્યાંથી લાખો લોકો અફઘાનિસ્તાન છોડીને પાકિસ્તાનમાં આવી ગયા આવા ૧૭ લાખ લોકો મજબૂરીથી પાકિસ્તાનમાં આવ્યા છે આ બાજુ પાકિસ્તાનની આર્થિક હાલત માની ન શકાય તેટલી ખરાબ છે જ્યાં ખાવાના સાચા છે ત્યાં ૧૭ લાખ લોકોનું ભરણપોષણ કેમ કરવું તે એક મોટો પ્રશ્ન છે આથી પાકિસ્તાનની તે સમયની સરકારે આ શરણાર્થીઓને પાછા ધકેલી દેવા માટેના પ્રયાસો શરૂ કરી દીધા પરંતુ તેમાં પૂરેપૂરી સફળતા મળી નથી. આ એક માનવીય પ્રશ્ન છે યુનાઇટેડ નેશન્સ અને અફઘાનિસ્તાનના તાલીબાનોએ પાકિસ્તાનને જણાવ્યું કે આ લોકોને પાછા ધકેલી દેવા એ વ્યાજબી નથી પરંતુ પાકિસ્તાનની દલીલ લેવી છે કે અહીં લોકોની પરિસ્થિતિ અત્યંત ખરાબ છે લોકો પાસે રોજગારી નથી. પાસે પૈસા નથી કે ચીજવસ્તુના ભાવ આસમાને છે ખાવાના સાસા છે ત્યાં ૧૭ લાખ શરણાર્થીઓને અમે કેવી રીતે સાચવી શકીએ ? આથી તેને પાછા જવું પડશે.

આમ છતાં હજી પાકિસ્તાનમાં લાખોની સંખ્યામાં આ શરણાર્થીઓ રહે છે જેને કાઢી મુકવા માટે પાકિસ્તાન પ્રયાસો કરી રહ્યું છે તેનું મુખ્ય કારણ એ છે કે પાકિસ્તાનની આર્થિક હાલત દિવસે દિવસે વધુ ને વધુ ખરાબ થતી જાય છે તેમાં વધારાનો બોજો કે કોઈ સંજોગોમાં માથે લેવા તૈયાર નથી. આ માનવીય પ્રશ્ન છે પરંતુ પ્રશ્ન ખાધા ખોરાકીનો છે પાકિસ્તાન પોતે ભૂખમરો વેઠી રહ્યું છે ત્યારે લાખો શરણાર્થીઓનું પાલનપોષણ કેમ કરવું તે મોટો એક પ્રશ્ન છે. આથી પાકિસ્તાનની સરકાર આ શરણાર્થીઓને પાછા ધકેલી દેવાના પ્રયાસો કરે છે.

અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે પાકિસ્તાનને કહ્યું હતું કે, તમે જે કરો છો એ વાજબી નથી. યુનાઇટેડ નેશન્સ અને દુનિયાની માનવ અધિકાર સંસ્થાઓએ પણ પાકિસ્તાનને વિનંતી કરી હતી કે, લાખો લોકોની જિંદગીનો સવાલ છે, આમ ઓચિંતા લોકોને સ્થળાંતર માટે મજબૂર કરવા યોગ્ય નથી. અફઘાનિસ્તાનના શરણાર્થીઓએ તો એ પહેલાં જ પોતાનાં બિસ્તરા-પોટલા સંકેલવાનું શરૂ કરી દીધું હતું. પાકિસ્તાનના કરાચી શહેરમાં આવેલા સોહરાબ ગોથ વિસ્તારમાં સૌથી વધુ અફઘાન શરણાર્થીઓ રહે છે. એ સિવાય અફઘાન બોર્ડરના નજીકના પાકિસ્તાનનાં ગામોમાં પણ શરણાર્થીઓ છે. એ બધા હવે અફઘાનિસ્તાન પાછા ફરી રહ્યા છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનને જોડતી તોરખમ અને ચમન બોર્ડર પર લોકોનાં ટોળાં જામેલાં છે. બે લાખ જેટલા લોકો અફઘાનિસ્તાનમાં આવી ગયા છે અને બીજા લોકો વાહન કે બીજી કોઇ વ્યવસ્થા થવાની રાહ જુએ છે. અફઘાન શરણાર્થીઓ કહે છે કે, અમને ખબર નથી, અમારું શું થશે, અમારી પાસે પાછા ફરવા સિવાય કોઈ રસ્તો જ નથી!

# મહારાજા ભાવસિંહજી-૨ ના આર્થિક સુધારાકીય પગલાં

**પ્રજાના સૂખ ને સમૃદ્ધિ વધારવા માટે આર્થિક, ઔધોગિક અને કૃષિ સબંધી સર્વાંગી તપાસ કરાવી**

**રૂ.૨૦ લાખની રકમ અલગ કાઢી "ખેડૂત સંકટ નિવારણ ફંડ" ઊભું કરવામાં આવ્યું હતું**

**ખેતીમાં સુધારા થાય તો ખેત ઉત્પાદન વધે અને તો જ ખેડૂતોની સ્થિતિ સુધરે**

**૧૯૫૬માં પડેલો તેથી તે "છપ્પનિયા દુકાળ" તરીકે પંકાયો**

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

૨૦મી સદીની શરૂઆતમાં ભાવનગર રાજયના વહીવટીતંત્રે આધુનિક રીત અપનાવી લીધી હતી. રાજયની આકડાકીય અને અન્ય માહિતી વૈજ્ઞાનિક રીતે મેળવવાની શરૂઆત કરાઇ હતી. શિક્ષણ, આરોગ્ય, જાહેર બાંધકામ આમ દરેક પ્રજાકલ્યાણ સાથે સંલગ્ન વિભાગો યોગ્ય રીતે કામ કરવા લાગ્યા હતા. દરેક વિભાગના કર્મચારીઓને કાર્યકરવાની કુશળતા પ્રાપ્ત થાય તેવી તાલીમ આપાઇ હતી. રાજવીના આ ફેરફાર પાછળ આર્થિક નીતિ સુધારવામાં પ્રજાકલ્યાણને નજર મધ્યે રખાયું હતું. પ્રજાના અને રાજયના આર્થિક ઉત્થાન માટે રાજવીએ અનેક પગલાં ભર્યા અને સફળ પણ થયા. જેમ કે આર્થિક સર્વેક્ષણ સમિતિની રચના. ભાવસિંહજીના હદયમાં તેમના પૂર્વજોની જેમ પ્રજાકલ્યાણ, પ્રજાનો વિકાસ, પ્રજાનું હિત વસેલા હતા. તેથી જ પ્રજાવત્સલ રાજવી કહેવાયા. તેમણે પ્રજાના સૂખ ને સમૃદ્ધિ વધારવા માટે અને રાજયની પ્રગતિમાં વધારો કરવા માટે રાજયની આર્થિક, ઔધોગિક અને કૃષિ સબંધી સર્વાંગી તપાસ કરાવી, તેનો અભ્યાસ કરી અને અહેવાલ રજુ કરવા માટે એક સમિતિની રચના કરી આ સમિતિને 'આર્થિક સમિતિ' તરીકે ઓળખવામાં આવે છે. આ સમિતિએ રાજયના મહાલો, ટપ્પાઓ અને ગામો જેવા વહીવટી એકમોમાંથી એકમના વહીવટી વડા પાસેથી વહીવટી એકમોની માહિતી મેળવી. તેનું એકત્રીકરણ કરી આર્થિક સર્વેક્ષણ અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

રાજય તરફથી ખેડૂતોની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધારવા માટેના થયેલા પ્રયાસને જોઈએ તો રૂ.૨૦ લાખની રકમ અલગ કાઢી "ખેડૂત સંકટ નિવારણ ફંડ" ઊભું કરવામાં આવ્યું હતું. નબળા અને દુષ્કાળનાં વર્ષોમાં વિઘોટીની રકમ ખેડૂતોની સ્થિતિ અને શક્તિ મુજબ લેવા અને બાકીની રકમ રાજયની લેણી રકમ તરીકે દર્શાવવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેનાથી ઇ.સ. ૧૯૦૦નાં વર્ષે રાજયની મહેસૂલની આવક રૂપિયા. ૩૫લાખ હતી તે પછીના દુષ્કાળના વર્ષ ૧૯૦૧ અને ૧૯૦૨માં અનુક્રમે રૂ.૩૧,૪૮,૧૬૦ અને રૂ. ૩૦,૯૨,૯૦૮ થઈ ગઈ હતી. એટલે કે ઘટી હતી. ૧૯મી સદીના છેલ્લા વર્ષો સુધી રાજયની મહેસૂલી રકમ ભર્યા પછી જ ખળામાથી ખેડુતો પોતાના ભાગની ઉપજ લઈ જઈ શકતા હતા, તે પદ્ધતિ રદ કરવામાં આવી. તેના બદલે ખેડૂતને મહેસૂલ બે હપ્તામાં ભરવાની જોગવાઈ કરવામાં આવી. આ ઉપરાંત આ હપ્તા પણ જામીન આપીને ખેડૂત પોતાની ઉપજના સારા ભાવ મળે ત્યારે વેચી શકે તેવા હુકમ કરાયો. જેનાથી ખેડૂતોને પોતાની ઉપજના સારાભાવ મળવા લાગ્યાં. ખેતી ઉત્પાદનની રીતે નબળા વર્ષમાં ખેડૂત ઉપર થયેલા હુકમ નામાની બજવણી મોકૂફ રાખવાનો ઠરાવ કરવામાં આવ્યો અને ખેડૂતોને નાણાકીય રાહત આપવાનું પણ શરૂ કરવામાં આવ્યું. ખેતીમાં સુધારા થાય તો ખેત ઉત્પાદન, વધે અને તો જ ખેડૂતોની સ્થિતિ સુધરે તે બાબત ધ્યાને રાખી ખેતી સુધારણા માટે ધોળા ગામે એક 'મોડેલ ફાર્મ' શરૂ કરવામાં આવ્યું. ત્યાં ખેતી સુધારણા અંગેના જુદા જુદા પ્રયોગોનું ખેડૂતો સમક્ષ પ્રદર્શન કરવામાં આવતું. જેથી ખેડૂત પોતે સમજે અને પોતાના ખેતરમાં તેનો અમલ કરે અને પોતાનું ઉત્પાદન વધારે લેતો થાય. ખેડૂતોને કરજમાથી મુકત કરવા તથા રાહત માટે સહકારી પ્રવૃત્તિને ઉત્તેજન આપવામાં આવ્યું. ૧૯૧૭માં ખેતી અંગેની સહકારી મંડળી સ્થાપવામાં આવી. ૧૯૧૭-૧૮નાં વાર્ષિક અહેવાલમાં દર્શાવ્યા પ્રમાણે ભાવનગર રાજયમાં કુલ ૩૩૯ સહકારી મંડળી નોંધાઇ હતી, તેના ૧૧,૬૩૩ સભ્યો હતા તથા મૂડી ભંડોળ રૂ. ૫૮,૦૬૨ હતું. તે સમયે ખેતી મોટા ભાગે વરસાદ આધારી હતી. જો સીંચાઈની સગવડ ઉપલબ્ધ થાય તો ખેતીની અને ખેડૂતોની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધરે અને પરિણામે રાજયની સ્થિતિમાં પણ સુધારો થાય. આ વાત ધ્યાને રાખીને ભાવસિંહજીએ રૂ. ૧,૧૬,૮૦૦ના ખર્ચે રામધરી ગામે તળાવનું નિર્માણ કરાવ્યુ. બીજું તળાવ ભીમડાદ પાસે કરાવ્યુ. ભાવસિંહજીના પ્રથમ પત્ની દેવગઢબારીયાના કુંવરી દેવકુંવરબાથી થયેલ પુત્રી મનહરકુંવરબા (તેમના લગ્ન એમ.પી.નાં પન્ના રાજયના રાજવી યાદવેન્દ્રસિંહજી સાથે થયા હતા.)નાં નામા ઉપરથી તળાવનું નામ 'મનહર તળાવ' રાખવામા આવ્યું હતું. તેના બાંધકામનો ખર્ચનો અંદાજ પાંચ લાખ રૂપિયા કાઢવામાં આવ્યો હતો. આ કામ ભાવસિંહજીના રાજયકાળમાં અર્ધુ થયું હતું. આ તળાવમાંથી નહેરવાટે પાણી ખેતીમાટે પૂરું પાડવામાં આવતું હતું. આમ ભાવનગર રાજયમાં સિંચાઇ યોજનાનો પ્રારંભ થયો હતો. ઉપરાંત રાજયમાં ૨૦ હજાર કૂવા નિર્માણ કરવામાં આવ્યા. જેમાંથી ૧૨,૪૦૯ કૂવા પાકા હતા. જેનાથી ૨લાખ વીઘા જમીન સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવી હતી. દુષ્કાળ નિવારણનાં ઉપાયો. : ભાવસિંહજીના સમયમાં દુષ્કાળો પડ્યા. ભવિષયમાં આવી સ્થિતિ થાય ત્યારે મુશ્કેલીઓ નિવારવાના ઉપાયો શોધી કાઢયા. કહેવાય છે ને કે મુશ્કેલીઓ પણ કઈક શીખવી જાય છે. વિ.સં. ૧૯૫૬ એટલે કે ઇ.સ. ૧૯૦૦માં રાજયમાં ભયંકર દુષ્કાળ પડ્યો. તે ૧૯૫૬માં પડેલો તેથી તે "છપ્પનિયા દુકાળ" તરીકે પંકયો. આ દુષ્કાળે ભારતના મોટા ભાગના વિસ્તારને પ્રભાવિત કર્યો હતો. આ સમયે લોકોએ ખૂબ મુશ્કેલી વેઠી હતી. ઇ.સ. ૧૯૦૧-૦૨નાં ભાવનગર રાજયના વહીવટી અહેવાલમાં દર્શાવ્યા પ્રમાણે ૪.૮૩ લાખની વસ્તીમાંથી ૫૯ હજાર ગંભીર રીતે, ૧.૬૪ લાખ સામાન્યરીતે અને ૨.૫૦ લાખ લોકો ઓછી રીતે અસરગ્રસ્ત થયા હતા. પ્રજાએ ભયંકર પરિણામો ભોગવવા પડ્યા હતા. ખેડૂતો અને માલધારીઓએ પોતાના પશુઓ નજીવી કિંમતે વેચી નાખ્યા. પશુઓને પાંદડા અને હાથીયા થોરના ગરભા ખવરાવી માંડમાંડ બચાવ્યા હતા. દુષ્કાળની આ ભયંકર આફત નિવારવા માટે સલાહ મેળવવા ભાવસિંહજીએ ભાવનગર રાજયના સાચા મિત્ર અને માર્ગદર્શક એવા મિ.ઇ.એચ.પર્સિવલને ખાસ ઇંગ્લેન્ડથી બોલાવ્યા હતા. અગાઉ તેઓ ઇ.સ. ૧૮૭૦થી ૧૮૭૮ દરમ્યાન ભાવનગર રાજયમાં તખ્તસિંહજીની બાળવાય દરમિયાન સંયુક્ત વહીવટકર્તા તરીકે ફરજ બજાવી ચૂકયા હતા. તેથી ભાવનગર રાજયની પરિસ્થિતિથી તેઓ સારી રીતે પરિચિત હતા. તેમણે દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારમાં કામ કરેલું જેથી તેમને આવા કામનો અનુભવ હતો. શ્રી ગૌરીશંકર ઓઝાનાં પુત્ર શ્રી વિજયશંકર ઓઝાને કામચલાઉ દીવાનપદે નીમવામાં આવ્યા અને તેમની પાસેથી રૂ.૩૦ લાખની લોન રેલ્વેની આવકમાથી ભરપાઈ કરી દેવાની શરતે લેવામાં આવી. રાજાએ દુષ્કાળ નિવારણ માટેનાં અનેક પગલાં લઈ રાહતકાર્યો શરૂ કર્યા જેમકે ધોળા જં. થી જેસર રસ્તે પોર્ટ આલ્બર્ટ વિકટર સુધીની રેલ્વે લાઇન લંબાવવાનું કામ. ૧૧.૩૩ લાખના ખર્ચે નવા રસ્તાઓ તૈયાર કરવાની યોજના. રૂ.૧.૩૩ લાખના ખર્ચે ૯૪ તળાવો ખોદવાનું અને ઊંડા ઉતારવાનું કામ. ખેડૂતોને કૂવા ઊંડા ઉતારવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું. બિયારણ અને ઘાસચારા માટે રાજય તરફથી તગાવી આપવામાં આવી. રાજય હસ્તકની બધી ગૌચર જમીન ચરિયાણની જમીન તરીકે ખુલ્લી મૂકી દેવામાં આવી. પીડિત લોકો માટે મહાલના બધા મથકોએ 'ગરીબખાના' ખોલવામાં આવ્યા. દુષ્કાળ સંહિતા (કાયદા સંગ્રહ)ની રચના કરવામાં આવી. ખેડૂતોને રજકો, છાસટિયો વગેરે વાવવા ઉત્તેજન અપાયું. સંપૂર્ણ સૌરાષ્ટ્રના દેશી રાજયમાં આ પ્રકારની વ્યવસ્થા કરનાર ભાવનગર રાજય સૌપ્રથમ હતું. ભાવસિંહજી દુષ્કાળથી અસર પામેલા વિસ્તારોની મુલાકાત લઈ લોકોને વ્યક્તિગત્રિતે મળતા અને રાહત માટે સ્થળ ઉપર જ જરૂરી હુકમો પણ આપતા. દુષ્કાળ રાહતકામો પાછાળ કુલ ૨૩ લાખ રૂપિયા (સામાન્ય વર્ષમાં રાજયની આવકના લગભગ ૭૫ ટકા.) વાપર્યા હતા. પોતાના રાજવીની આ ઉદારતા અને પ્રજાકલ્યાણની ભાવનાને લોકોએ બિરદાવી હતી.

## કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** તમારું સ્વાસ્થ્ય સામાન્ય કરતા સારું રહેશે. પરંતુ સ્વાસ્થ્ય માટે ભૂલ ન કરો, તેને કાયમ માટે સાચી માનવાની ભૂલ ન કરો. આવી સ્થિતિમાં, તમારા જીવન અને આરોગ્યનો સન્માન કરો અને સારી રીતભાત અપનાવો. નહિંતર, તમારે ભવિષ્યમાં થોડી મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાકીય મુદ્દાઓ પર આ અઠવાડિયાની શરૂઆત તમારા માટે સારી હોઈ શકે છે, પરંતુ સપ્તાહના અંતમાં કોઈ કારણસર તમારા પૈસા ખર્ચ થઈ શકે છે. જે તમને પરેશાન કરશે. આવી સ્થિતિમાં, શરૂઆતથી અંત સુધી, યોગ્ય વ્યૂહરચના અનુસાર તમારા પૈસા ખર્ચ કરો. પરિવારના નાના સભ્યો સાથે આ અઠવાડિયે સમય વિતાવવો તમારા માટે ખાસ કરીને સારો રહેશે. કારણ કે તેમની સાથે સમય પસાર કરવાથી તમે ખૂબ તાજું અનુભવો છો અને તે જ સમયે, તે તમને તેમના જીવન સાથે સંબંધિત ઘણી પરિસ્થિતિઓ વિશે જાણવાની તક પણ આપશે. આ સમયે તમે તેમને કોઈપણ સમસ્યાથી દૂર કરવામાં સફળ થશો, જેનાથી પરિવારમાં તમારું માન વધશે. આ અઠવાડિયે ઘણા યોગ બનશે અને તમને આવી ઘણી તકો મળશે, જ્યારે તમે તમારી લવ લાઈફને વધુ મજબૂત બનાવવામાં સફળ થશો.

**વૃષભ - (બ, વ, ઉ)**આ અઠવાડિયે તમારે તમારી દૃષ્ટિની દ્રષ્ટિએ, તમારી આજુબાજુ પડી ગયેલી ઝાકળને લઈને તમારા પ્રયત્નોથી પોતાને દૂર કરવાની જરૂર પડશે. આ અઠવાડિયામાં તમારા મનમાં સર્જનાત્મક વિચારોની કોઈ કમી રહેશે નહીં, પરંતુ તમારા માટે આ વિચારોને યોગ્ય દિશામાં વાપરવા અને તેમાંથી સારા નાણાકીય લાભ મેળવવું મહત્વપૂર્ણ રહેશે. કારણ કે યોગ બનાવવામાં આવી રહ્યો છે તેથી જ એક મહાન નવો વિચાર તમને આર્થિક લાભ કરશે. તેથી, બિનજરૂરી વસ્તુઓ પર સમય બગાડો નહીં, તમારા પ્રયત્નોને યોગ્ય દિશામાં ચાલુ રાખો. જો તમારા સંબંધીઓ સાથે કોઈ જમીન અથવા સંપત્તિને લગતા તમને વિવાદ થઈ રહ્યો છે, તો આ અઠવાડિયામાં તમે તે જમીનને મળવાથી પારિવારિક વાતાવરણમાં ખુશીની લહેર જોવા મળશે. આવી સ્થિતિમાં, તમે કોઈ ધાર્મિક સ્થળે જઇને પ્રાર્થના કરી શકો છો. આ અઠવાડિયે આવી ઘણી પરિસ્થિતિઓ હશે જ્યારે તમારો પ્રિય વ્યક્તિ તમને કંઇક ખોટું કહેશે. જેના પછી તેઓ જે કહે છે તેનાથી તમે ખૂબ સંવેદનશીલ બની શકો છો. આવી સ્થિતિમાં, તમારે તમારી લાગણીઓને કાબૂમાં રાખવાની સલાહ આપવામાં આવે છે અને એવું કોઈ બેજવાબદાર કામ ન કરો, જેના માટે તમારે પછીથી પસ્તાવો કરવો પડશે.

**મિથુન - (ક, છ, ઘ) :-** સ્વાસ્થ્યના દૃષ્ટિકોણથી, આ અઠવાડિયું સંપૂર્ણ રહેશે. કારણ કે આ સમય દરમિયાન તમારે કોઈ મોટી સમસ્યાનો સામનો કરવો પડશે નહીં. આવી સ્થિતિમાં આ સકારાત્મક સમયનો લાભ લઈને તમારા નજીકના લોકો સાથે તાજી હવાનો આનંદ લો. આ અઠવાડિયે કોઈ નજીકના સંબંધીઓના ઘરે જવું તમારી આર્થિક સ્થિતિને બગાડે છે. કારણ કે શક્ય છે કે તેઓ તમારી પાસેથી કોઈ પ્રકારની આર્થિક સહાયની અપેક્ષા રાખે. આ રાશિના લોકો પારિવારિક જીવનમાં ઘણા સારા પરિણામની અપેક્ષા રાખે છે. કારણ કે સંભાવના છે કે પરિવારમાં કોઈ નવો અથવા યુવાન મહેમાન આવશે, જે પારિવારિક વાતાવરણમાં સમૃદ્ધિ લાવશે. આ સમય દરમિયાન, ઘરના લોકોમાં ભાઈચારો અને પરસ્પર પ્રેમ પણ દેખાશે. આ અઠવાડિયે તમારું મન તમારા પ્રેમી સાથે થોડો સારો સમય પસાર કરી શકે છે, પરંતુ તમારા પ્રિયની કોઈ પણ નિર્જીવ માંગ તમારા બધા વળાંક બગાડી શકે છે. તેથી જો તમે ફરીથી આવી વિપરીત પરિસ્થિતિ ન આવે તેવું ઇચ્છતા હો, તો તમારા માટે તે વધુ સારું રહેશે કે તમે પ્રેમીને સમજાવો અને તેમની નકામી ઇચ્છાઓને વશ ન થાઓ. આ અઠવાડિયે તમને તમારા વરિષ્ઠ અધિકારી સાથે સીધો સંપર્ક કરવાની અને તમારા બધા પ્રશ્નો અને જવાબો શોધવાની તક મળશે.

**કર્ક - (ડ, હ) :-** આ અઠવાડિયે તમને પરિવારના સભ્યોના નબળા સ્વાસ્થ્ય સંબંધિત કોઈ સમાચાર પ્રાપ્ત થશે. આને કારણે તમે માનસિક તાણનો પણ ભોગ બની શકો છો. આ અઠવાડિયે, તમે તમારા પરિવારના નવીનીકરણ અથવા સમારકામ માટે ઘણાં પૈસા ખર્ચ કરશો. તમે શરૂઆતમાં ધાર્યું ન કર્યું હશે, પરંતુ આ ખર્ચ તમારા ભાવિ સમયમાં આર્થિક સંકટ ઊભું કરવાના મુખ્ય કારણ તરીકે ઉભરી આવશે. આ અઠવાડિયે, પરિવારમાં કોઈ પ્રકારની ઘટનાનું આયોજન થઈ શકે છે, જેના પર તમારે ઘણા પૈસા ખર્ચવા પડશે. આ તમારો માનસિક તાણ વધારશે, સાથે સાથે ઘરના અતિશય કાર્યોને લીધે, તમે તમારી જાતને તમારા કાર્યક્ષેત્રમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં અસમર્થ જોશો. આ અઠવાડિયે તમે તમારા પ્રેમિકાને ખૂબ જ યાદ કરશો, પરંતુ કામની વ્યસ્તતાને કારણે તે તમારી સાથે મુલાકાત અને વાતચીત કરવામાં અસમર્થ રહેશે.

**સિંહ - (મ, ટ) :-**આ અઠવાડિયે તમારી પાસે વધુ ભાવનાત્મક, ભાવનાત્મક મૂડ રહેશે. જેના કારણે તમે અન્ય લોકો સાથે ખુલ્લેઆમ વાત કરવામાં અથવા વાતચીત કરવામાં અચકાતા અનુભવો છો. આવી સ્થિતિમાં, જો તમે તમારી જાતને તાણમુક્ત રાખવા માંગતા હો, તો તમારા માટે ભૂતકાળને દૂર કરીને નવી શરૂઆત કરવાનો પ્રયાસ કરવો વધુ સારું રહેશે. પહેલાં સમય માં જો તમે સંપત્તિથી સંબંધિત કોઈ વિવાદમાં ફસાયા હતા તો આ સપ્તાહ તમને તેમના થી ઘણા હદ સુધી રાહત મળશે। કારણે કે તમે તે સ્થિતિ ને વધુ બગડતા પહેલા જ સંભાળવા માં સફળ રહેશો, જેથી તમારે કોઈ કાનૂની મુશ્કેલીમાં ના આવવું પડે નથી. તેથી, ખૂબ જ સમજદારી જોવાળતા, પૈસાથી સંબંધિત કોઈપણ નિર્ણય લો. આ અઠવાડિયે, કુટુંબના સભ્યની નોકરીને કારણે પરિવારની આવકમાં વધારો થવાના યોગ છે. જેનું મકાનનું નવીનીકરણ અથવા તેના નિર્ણયનો નિર્ણય, જે અગાઉ અટવાઇ ગયો હતો તે પૂર્ણ થઈ શકે તેવું ગણી શકાય. પ્રેમ કુંડળી મુજબ આ રાશિ તમારી રાશિના લોકો માટે ખૂબ મહત્વનો સાબિત થશે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** કુટુંબ અને વ્યક્તિગત જીવનમાં ચાલી રહેલી તણાવપૂર્ણ પ્રવૃત્તિઓ તમને અંદરથી નિરાશ અને અશાંત અનુભવી શકે છે. જો કે, આ સમય દરમિયાન તમે અન્ય લોકોથી તમારી બેચેની છુપાવતા જોશો, જેના કારણે તમારી પ્રકૃતિમાં થોડી આક્રમકતા પણ વધી શકે છે. આ અઠવાડિયામાં રોજગાર મેળવનારા લોકોની આવકમાં વધારો થવાની સંભાવના છે. આવી સ્થિતિમાં, તેમને કેટલાક નાણાં રોકાણોમાં તેમના નાણાં ખર્ચવાની સલાહ આપવામાં આવે છે, કારણ કે આનાથી તેમને આર્થિક લાભની સંભાવના મળશે અને તેઓ તેમના ભવિષ્યને સુરક્ષિત કરવામાં સફળ રહેશે. આ અઠવાડિયામાં દારૂ જેવી નશીલી ચીજોનું સેવન કરવાથી તમારા પારિવારિક શાંતિમાં ખલેલ પડી શકે છે. તેથી, ઘરમાં શાંતિ જાળવવા માટે, તમામ પ્રકારની ખરાબ ટેવોમાં સુધારો કરો, નહીં તો તમારા ઘરના સભ્યો સાથેના સંબંધ પર ખરાબ અસર દેખાશે. આ અઠવાડિયે તમે તમારા પ્રેમી સાથે બહાર જવા, જમવા અથવા ફરવા જવાનું વિચારી શકો છો.

**તુલા - (ર, ત) :-** આ અઠવાડિયે તમારી પાસે વધુ ભાવનાત્મક, ભાવનાત્મક મૂડ રહેશે. જેના કારણે તમે અન્ય લોકો સાથે ખુલ્લેઆમ વાત કરવામાં અથવા વાતચીત કરવામાં અચકાતા અનુભવો છો. આવી સ્થિતિમાં, જો તમે તમારી જાતને તાણમુક્ત રાખવા માંગતા હો, તો તમારા માટે ભૂતકાળને દૂર કરીને નવી શરૂઆત કરવાનો પ્રયાસ કરવો વધુ સારું રહેશે. નાણાકીય જીવનમાં આ અઠવાડિયે, તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિઓમાં જોશો. આ તમને એક સારા સ્તરે ફક્ત આર્થિક લાભ આપશે નહીં, પરંતુ તમારી આર્થિક સ્થિતિ પણ પહેલા કરતા ઘણી મજબૂત જણાશે. આ સમય દરમિયાન, તમે તમારા પરિવારના લોકો સાથે કામ કરી શકો છો અને સમાજના હિત માટે કંઈક કરી શકો છો, જેનાથી તમારું માન અને સન્માન વધશે. આ સમય દરમિયાન, તમે ધાર્મિક કાર્યોમાં પણ ભાગ લેતા જોશો. પ્રેમ સંબંધો વિશે વાત કરતાં, તમારી લવ લાઇફમાં શરતો આ અઠવાડિયે તમારા તરફેણમાં સંપૂર્ણ હશે, અને આ સમયે તમે તમારા જીવનસાથી અને તમને સંપૂર્ણ માન આપશો. આની મદદથી તમે બંને એકબીજાના મહત્વને જાણતા જશો, સાથે જ તમારો સુંદર સંબંધ વધુ મજબૂત બનશે.

**વૃશ્ચિક - (ન, ય) :-** જો તમે કોઈ સમસ્યાથી પરેશાન છો, તો આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય સારું રહેશે. જો કે, યોગ બની રહ્યા છે કે તમારે કોઈ કારણસર મુસાફરી કરવી પડી શકે છે, જેના કારણે તમને થોડીક થાક અને તાણનો અનુભવ થશે. તેથી, તમારા માટે તે વધુ સારું રહેશે કે હવે, કોઈપણ યાત્રા પર જવાનું ટાળો અને તમારા શરીરને વધુને વધુ આરામ આપો. આ અઠવાડિયામાં કોઈ મોટો સોદો કરીને તમને મોટો ફાયદો મળી શકે છે. આ કારણોસર, તમે તમારા માટે કોઈ કિંમતી ચીજવસ્તુઓ પણ ખરીદી શકો છો, પરંતુ તમારે થોડી કાળજી લેવાની પણ જરૂર રહેશે, કારણ કે સંભાવના છે કે તે કિંમતી ચીજો તમારી પાસેથી ખોવાઈ જાય અથવા ચોરાઇ જાય. આનાથી તમને મોટું આર્થિક નુકસાન થઈ શકે છે. તમને આ અઠવાડિયે તમારા મિત્રોનો સહયોગ મળશે, પરંતુ પરિવારના સભ્યો સાથેની કોઈ નાની બાબતમાં મતભેદો ઘરની શાંતિને ખલેલ પહોંચાડી શકે છે. જેના કારણે તમારા મનમાં તેમના પ્રત્યેની ખોટી લાગણી ઊભી થશે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** જો તમે આ અઠવાડિયે સુખી જીવન જીવવા માંગતા હો, તો તમારે તમારા હઠીલા અને અડચણવાળા વલણને બાયપાસ કરવાની સૌથી વધુ જરૂર પડશે. કારણ કે આ સાથે, તમારે સમય વ્યર્થ થવાની સાથે અન્ય લોકો સાથેના તમારા સારા સંબંધોને બગાડવું પડી શકે છે. આ અઠવાડિયે તમારા કાર્યક્ષેત્ર ના એક સાથીને લીધે, તમારી છબી દૂષિત થઈ જશે. આનાથી ફક્ત તમારા પગારમાં વધારો થશે નહીં, પણ તમારે આર્થિક નુકસાનથી બે-ચાર ભોગવવું પડશે. આ અઠવાડિયું તમારા પરિવાર અથવા મિત્રો સાથે પિકનિક પર જવા માટે ઉત્તમ છે. આ અઠવાડિયે, તમારે સૌથી વધુ સમજવાની જરૂર પડશે કે તમારે કોઈની સાથે મિત્રતા કરવી જોઈએ જ્યારે તમારી પાસે તેના વિશે સંપૂર્ણ માહિતી હોય અને તમે તેને સારી રીતે સમજો. નહિંતર, તે વ્યક્તિ તમારા જીવનમાં તમારી ઇચ્છાની વિરુદ્ધ જશે અને ઘણા મોટા ફેરફારો કરશે, જે પછીથી ફક્ત સમસ્યાઓનું કારણ બની શકે છે.

**મકર - (ખ, જ) :-** પહેલાના સમયથી, તમારી જાતને સુધારવાના અને તમારા સ્વાસ્થ્યને જાળવવાના તમારા પ્રયત્નો, આ અઠવાડિયે તેની ઘણી હકારાત્મક અસર બતાવશે. આ જોઈને, તમને સ્વસ્થ રહેવા માટે પ્રોત્સાહન મળશે અને તમે નિયમિત કસરત અને યોગ કરતા જોશો.આર્થિક બાબતોની દ્રષ્ટિએ તમારી રાશિના લોકો માટે આ સપ્તાહ ખૂબ સારો રહેવાની સંભાવના છે. કારણ કે આ સમય દરમિયાન, ઘણા ગ્રહોની દ્રષ્ટિ તમને તમારી આવક વધારવા અને તમારી સંચિત સંપત્તિમાં ઉમેરો કરવા માટે ઘણી તકો પૂરી પાડવાનું કાર્ય કરશે. આ અઠવાડિયે, તમારા ઘરનાં બાળકોને વધુ પડતું ડિસ્કાઉન્ટ આપવું ભવિષ્યમાં મુશ્કેલીઓ .ભી કરી શકે છે. તેથી શરૂઆતથી જ તેમના અને તેમના સંગઠન પર નજર રાખવી, તેઓ કોની સાથે બેસે છે તે ધ્યાનમાં રાખો. રોમાંસ માટે, આ સપ્તાહ સામાન્ય કરતા ખૂબ સરસ છે. કારણ કે તમે જોશો કે તમારો પ્રેમી ભૂતકાળના દરેક વિવાદને સમાપ્ત કરવા માટે જાતે પ્રયાસ કરીને તમારી સામે તેની ભૂલ સ્વીકારી રહ્યો છે. આવી સ્થિતિમાં તમારે દરેક ચર્ચાને જાતે જ સમાપ્ત કરવાનો પ્રયાસ કરવો જોઈએ, જ્યારે આ સમયે તમારા અહંકારનો ત્યાગ કરીને પ્રેમીના આ પ્રયાસને મહત્વ આપવું જોઈએ.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-** જો તમે ભૂતકાળથી કોઈ ધાર્મિક અથવા આધ્યાત્મિક હિત માટે કોઈ સારું કાર્ય કરવા વિશે વિચારી રહ્યા હતા, તો પછી આ અઠવાડિયું તેના માટે ખાસ સારું રહેશે.તમને અંદરથી પણ ખુશીની લાગણી પ્રદાન કરશે. જો તમે સરકારી ક્ષેત્રે કામ કરી રહ્યા છો, તો પછી આ અઠવાડિયા તમારા માટે મહત્વપૂર્ણ અને સારા બનશે. કારણ કે આ સમયગાળા દરમિયાન તમને સરકાર તરફથી ફાયદા અને ઇનામ મળવાની સંભાવના રહેશે, જે તમને સારા સ્તરે નફો આપશે. કેટલાક લોકો માટે, કુટુંબમાં નવા મહેમાનનું આગમન ઉજવણી અને આનંદની ક્ષણો લાવશે. આ ઘરે નવી વાનગીઓ બનાવશે અને તે જ સમયે, લાંબા સમય પછી, તમને આખા કુટુંબ સાથે બેસવાની અને સમય પસાર કરવાની તક મળશે. જો તમે ખરેખર કોઈને પ્રેમ કરો છો, તો પછી આ અઠવાડિયે તે શક્ય છે કે તમે કંઈક એવું જાણી શકશો જે તમારા હૃદયને સંપૂર્ણપણે તોડી શકે છે. આ તમને એકલા સમય પસાર કરવા માંગશે. તમારા સમર્પણ અને મહેનતને જોતા આ અઠવાડિયામાં તમને પ્રગતિ મળી શકે છે. પરંતુ આ માટે તમારે તમારા ઉપરી અધિકારીઓને પણ ખુશ કરવું પડશે.

**મીન-(દ, ચ, ઝ, થ) :-** જો તમે સમજદારીપૂર્વક કામ કરો છો, તો આ અઠવાડિયામાં તમે વધારે પૈસા કમાઇ શકો છો. જો કે, આ માટે તમારે યોગ્ય વ્યૂહરચના બનાવવી પડશે અને તે મુજબ કાર્ય કરવું પડશે. જો તમે પાર્ટી કરવાનો વિચાર કરો છો, તો તમારા નજીકના મિત્રોને બોલાવો. કારણ કે ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. આ અઠવાડિયે પણ કંઈ ખાસ કર્યા વિના, તમે સરળતાથી તમારા પરિવારના સભ્યોનું ધ્યાન આકર્ષિત કરી શકશો. આ અઠવાડિયે, તમે તમારા પ્રેમ જીવનમાં સકારાત્મક ફેરફારો જોશો. તમે તમારા પ્રેમીને જીવન સાથી બનાવવા માટે કોઈ વિચાર કરી શકો છો અને આ માટે તમે તેમની સાથે વાત પણ કરી શકો છો, સકારાત્મક જવાબો મળે તેવી સંભાવના પણ છે. આ સમય દરમિયાન, ઘણા યુગલો એક સાથે પિકનિક સ્થળ માટે જઈ શકે છે. એવું જોવા મળ્યું છે કે આપણે જ્યારે કારકિર્દીમાં આગળ વધીએ છીએ, અહંકારમાં આપણે આપણી આસપાસના લોકોને ભૂલીએ છીએઃ આપણા માતાપિતા, આપણા ગુરુઓ અને મિત્રો. અને જ્યારે વિરોધાભાસી પરિસ્થિતિઓ આવે છે, ત્યારે આપણું મન પણ તેમની યાદ અને સહકાર માટેની ઇચ્છાને ફરીથી જાગૃત કરવાનું શરૂ કરે છે. આ અઠવાડિયે તમારા માટે પણ આવું જ બનશે. જ્યારે તમારો અહંકાર તમને અન્યથી દૂર લઈ જાય છે. આ રાશિના વિદ્યાર્થીઓ માટે, આ અઠવાડિયું ખૂબ જ સફળ સાબિત થવાની સારી સંભાવના છે. આ સાથે, તમને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મળશે અને આ અઠવાડિયે તમારું મનોબળ પણ નોંધપાત્ર વધશે. આવી સ્થિતિમાં, પોતાને બધા તનાવથી દૂર રાખીને, તમારા મગજમાં ફક્ત નકારાત્મક વિચારો જ આવવા દો.

# મુંબઈ IPL પ્લેઓફની રેસમાંથી બહાર

## કોલકાતા વાનખેડેમાં ૧૨ વર્ષ પછી જીત્યું : વેંકટેશ અય્યરની ફિફ્ટી; સ્ટાર્કે ૪ વિકેટ ઝડપી



મુંબઈ

૫ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ IPL-2024ની પ્લેઑફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. MI ટીમને કોલકાતા નાઈટ રાઈડર્સે ૨૪ રને પરાજય આપ્યો હતો. કોલકાતાએ વાનખેડે મેદાન પર ૧૨ વર્ષ પછી મુંબઈને હરાવ્યું છે. આ મેદાન પર નાઈટ રાઈડર્સની છેલ્લી જીત ૨૦૧૨માં મુંબઈ સામે આવી હતી.

શુક્રવારે વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈએ ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. કોલકાતા ૧૯.૫ ઓવરમાં ૧૬૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં મુંબઈની ટીમ ૧૮.૫ ઓવરમાં ૧૪૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. મિચેલ સ્ટાર્કે ૪ વિકેટ લીધી હતી. વરુણ ચક્રવર્તી, સુનીલ નારાયણ અને આન્દ્રે રસેલને ૨-૨ વિકેટ મળી હતી. MI માટે સૂર્યકુમાર યાદવે ૩૫ બોલમાં ૫૬ રનની અડધી સદી ફટકારી હતી. KKR તરફથી વેંકટેશ અય્યરે ૫૨ બોલમાં ૭૦ રનની ઈનિંગ રમી હતી જ્યારે મનીષ પાંડેએ ૩૧ બોલમાં ૪૨ રન બનાવ્યા હતા. નુવાન તુષારા અને જસપ્રીત બુમરાહે ૩-૩ વિકેટ લીધી હતી. હાર્દિક પંડ્યાને ૨ વિકેટ મળી હતી. એક વિકેટ પીયૂષ ચાવલાને મળી હતી.

# હંસલ મહેતાની ગાંધી સિરીઝમાં હેરી પોટર સ્ટારની થઈ એન્ટ્રી

## એક્ટર ટોમ ફેલ્ટન 'હેરી પોટર' જેવી ફિલ્મોથી આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત થયા હતા

મુંબઈ,

હંસલ મહેતાની વેબસિરીઝ 'ગાંધી'માં પ્રખ્યાત હોલીવુડ ફિલ્મ 'હેરી પોટર' ના એક્ટર ટોમ ફેલ્ટનની એન્ટ્રી થઈ છે. હંસલ મહેતાએ આ અંગે સત્તાવાર જાહેરાત કરી હતી. એક્ટર ટોમ ફેલ્ટન 'હેરી પોટર' જેવી ફિલ્મોમાં પોતાના અભિનયથી આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત થયા હતા. 'હેરી પોટર' ફિલ્મ જે. ના. રોલિંગની સૌથી વધુ વેચાતી પુસ્તક શ્રેણી પર આધારિત છે. ભારતમાં પણ 'હેરી પોટર'ના ચાહકો મોટી સંખ્યામાં છે. ખાસ કરીને બાળકોમાં આ ફિલ્મને લઈને ઘણો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

હંસલ મહેતાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને આ માહિતી શેર કરી છે. મહેતાએ પોસ્ટ કરીને લખ્યું, 'અમારું શૂટિંગ ચાલી રહ્યું છે. હું આંતરરાષ્ટ્રીય કલાકારો ટોમ ફેલ્ટન, લિબી મે, મોલી રાઈટ, રાલ્ફ એડેની, જેમ્સ મુરે, લિન્ડન એલેક્ઝાન્ડર, જોનો ડેવિસ, સિમોન લેનન જેવા કલાકારો સાથે કામ કરીને હું રોમાંચિત છું. આ સિરીઝમાં 'સ્કેમ ૧૯૯૨' એક્ટર પ્રતીક ગાંધી મહાત્મા ગાંધીના રોલમાં જોવા મળશે. જ્યારે ભામિની ઓઝા કસ્તુરબા ગાંધીનું પાત્ર ભજવશે.

# બાળ ઠાકરેનો પૌત્ર રાજકારણમાં નહીં, બોલિવૂડમાં ધૂમ મચાવશે

મુંબઈ

રાજનીતિમાં ઠાકરે પરિવારનો દબદબો વર્ષોથી છે, બાળ ઠાકરેથી શરૂ થયેલી રાજનીતિ ત્રણ પેઢીઓમાં જોવા મળી હતી. રાજનીતિમાં ઠાકરે પરિવારના દરેક સભ્યની એક અલગ ઓળખ છે. માતો શ્રીમાં જન્મલેનાર દરેક બાળકની ઓળખ રાજનીતિ સાથે જોડાયેલી છે, પરંતુ આજે અમે તમને એ વ્યક્તિ વિશે જણાવીશું જે આ પરિવારના જન્મ લીધા બાદ પણ રાજકારણથી દુર અલગ જ



ફીલ્ડમાં પોતાનું કરિયર બનાવી રહ્યા છે.સંબંધોમાં આ વ્યક્તિ બાળ ઠાકરેનો પૌત્ર છે આ બીજું કોઈ નહિ પરંતુ સ્મિતા ઠાકરે અને જયદીપ ઠાકરેનો દિકરો એશ્વર્ય ઠાકરે છે.

એશ્વર્ય સોશિયલ મીડિયા પર ખુબ એક્ટિવ છે અને તેમ છતાં સોશિયલ મીડિયા પર તેના ઓછા ફોલોઅર્સ છે. તે પોતાના અકાઉન્ટ પર કોઈ પોલિટિકલ કેમ્પન ચલાવતું નથી. તે પોતાનો એકથી એક શાનદાર ફોટોશુટ જોઈ શકો છો. આ સિવાય તેના ડાન્સનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર જોવા મળશે. સુપરફિટ દેખાનારા એશ્વર્ય ઠાકરે રાજનીતિથી દુર બોલિવુડમાં પોતાનો પગ રાખવા માંગે છે.

# રૂ. પાંચ કરોડના ખર્ચે બનેલી ફિલ્મે ૩૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી

## રાજકુમાર રાવની આ ફિલ્મ એક જ બિલ્ડિંગમાં શૂટ થઈ હતી

મુંબઈ,

બોલીવૂડના ફેમસ એક્ટર રાજકુમાર રાવ પોતાની એક્ટિંગથી દર્શકોનું મનોરંજન તો કરે જ છે પણ એની સાથે સાથે જ તે જે પણ ફિલ્મમાં કામ કરે છે એમાં તે પ્રાણ પૂરી દે છે.રાજકુમાર રાવની ગણતરી ઈન્ડસ્ટ્રીના એવા અભિનેતાઓમાં કરવામાં આવે છે કે જે ઓફબીટ ફિલ્મો કરે છે અને આજે આપણે અહી એની એક એવી ફિલ્મ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ કે જે ફિલ્મ એક જ બિલ્ડિંગમાં શૂટ થઈ હતી અને તેને બનાવવા માટે પાંચ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો, પણ કમાણીના મામલામાં આ ફિલ્મ લંબી રેસ કા ઘોડા સાબિત થઈ રહી હતી.

૨૦૧૭માં આવેલી આ ફિલ્મનું નામ હતું ટ્રેપ્ડ. રાજકુમાર રાવની આ ફિલ્મે રિલીઝ થતાં જ બોક્સ ઓફિસ પર કમાણીનો એક અલગ જ રેકોર્ડ સેટ કરી દીધો હતો. તમારી જાણ માટે કે આ આખી ફિલ્મ એક જ હાઈરાઈઝ બિલ્ડિંગમાં શૂટ કરવામાં આવી હતી. રિપોર્ટ્સમાં કરવામાં આવેલા દાવા પર વિશ્વાસ કરીએ તો પાંચ કરોડના ખર્ચે બનેલી આ ફિલ્મની કમાણીના આંકડા સાંભળીને ભલભલાના હોંશ ઉડી ગયા હતા.

ટ્રેપ્ડના વર્લ્ડ વાઈડ કમાણીની વાત કરીએ તો ફિલ્મ આખી દુનિયામાં ૩૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી અને આ આંકડો ફિલ્મ બનાવવામાં ખર્ચાયેલી રકમ કરતાં છ ગણો વધારે હતો. દર્શકોએ આ ફિલ્મને ભર-ભરીને પ્રેમ આપ્યો હતો અને આ ફિલ્મમાં રાજકુમાર રાવની એક્ટિંગના પણ ભરપેટ વખાણ કર્યા હતા. આ એક સર્વાઈવલ ડ્રામા ફિલ્મ હતી અને ફિલ્મની સ્ટોરીની વાત કરીએ તો રાજકુમાર રાવ એક કોલ સેન્ટરનો કર્મચારી છે જે પાણી-વીજળી અને ભોજન વિના પોતાના એપાર્ટમેન્ટના એક રૂમમાં ફસાઈ જાય છે.

# અમેરિકાની યુનિવર્સિટીમાં ઈઝરાયેલ તરફી દેખાવકારોએ 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા

વોશિંગ્ટન,

અમેરિકાની યુનિવર્સિટીમાં ઈઝરાયલ તરફી દેખાવકારોએ 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા હતા. ઉલ્લેખનીય તે છે કે મુસ્લીમમાંથી હિન્દુ બનેલો શાયાન અલિ ક્રિષ્ણા પણ ઈઝરાયલ તરફી દેખાવકારોમાં અગ્રીમ રહ્યો હતો. પાકિસ્તાનમાં જન્મેલા આ શાયાન અલિ ક્રિષ્ણાએ કહ્યું હતું કે હૃદયથી હું ભારતીય છું. પસંદગીથી હું અમેરિકન છું. તેણે ઈઝરાયલનો





ધ્વજ પણ પોતાની ફરતો વીંટાળેલો હતો. આ વિડીયો અત્યારે વાયરલ થઈ રહ્યો છે. વીડીઓમાં તે તેમ કહેતો દેખાય છે કે તેણે પોતાની ફરતો ઈઝરાયલી ધ્વજ પણ વીંટાળ્યો છે.

આ શાયાન અલિ ક્રિષ્ણાએ ભારત વિરોધી વલણ રાખનારાઓની પણ ટીકા કરી હતી. તેણે ''જય શ્રી રામ''ના નારા લગાવવા સાથે ઈઝરાયલ તરફી પણ નારા લગાવ્યા હતા.

આ દક્ષિણ એશિયાઈ યુવાને તેના સોશ્યલ મીડીયા હેન્ડલ પર લખ્યું હતું કે ''ભારત અને ઈઝરાયલ એક જ 'પેઈજ' ઉપર છે. બંને આંતકવાદનો સામનો કરી રહ્યા છે. બંને પાડોસમાંથી આવતા અંતિમવાદનો સામનો કરી રહ્યા છે.''

# અનુપમ ખેર જુનિયર એનટીઆરને મળ્યા બાદ ઉત્સાહિત : વોર ૨ સ્ટારના નામે લખી ખાસ નોંધ

મુંબઈ,

તેલુગુ સુપરસ્ટાર જુનિયર એનટીઆર તેની આગામી બોલિવૂડ ડેબ્યૂ ફિલ્મ 'વોર ૨'ના શૂટિંગમાં વ્યસ્ત છે. મુંબઈમાં ચાલી રહેલા નિર્માણની વચ્ચે, સુપરસ્ટાર હિન્દી ફિલ્મ મંડળના ઉચ્ચ-પ્રોફાઈલ સભ્યોને મળવાની તકનો પણ ઉપયોગ કરી રહ્યો છે. તાજેતરમાં તારક અનુભવી અભિનેતા અનુપમ ખેરને મળ્યો. અનુપમે તેલુગુ સુપરસ્ટાર સાથેની પોતાની એક તસવીર સોશિયલ મીડિયા પર શેર



કરી હતી અને પોતાના એક ફેવરિટ એક્ટરને મળવાની તક પર ખુશી વ્યક્ત કરી હતી.

અનુપમ ખેરે ટ્વીટ કર્યું, 'ગઈ રાત્રે મારા એક પ્રિય વ્યક્તિ અને અભિનેતા જુનિયર એનટીઆરને મળીને ખૂબ આનંદ થયો. મને તેમનું કામ ખૂબ ગમ્યું. તે મજબૂતીથી શક્તિ તરફ આગળ વધતો રહ્યો. વિજયી બનો.' ગયા અઠવાડિયે, જુનિયર એનટીઆરએ મુંબઈમાં એક પાર્ટીમાં હાજરી આપી હતી અને હિન્દી ફિલ્મ ઉદ્યોગના દિગ્ગજોને મળ્યા હતા. એનટીઆરના કો-સ્ટાર હૃતિક રોશન, આલિયા ભટ્ટ, રણબીર કપૂર અને કરણ જોહર સહિત અન્ય લોકોએ હાજરી આપી હતી.

# બ્રિટન પહોંચેલા હજારો શરણાર્થીઓને રવાંડા મોકલવામાં આવશે

લંડન

યુકેની સંસદે તાજેતરમાં વિવાદાસ્પદ રવાન્ડા દેશનિકાલ બિલ પસાર કર્યું હતું. ઋષિ સુનકે વડાપ્રધાન બનતા પહેલા રવાન્ડા પોલિસી લાગુ કરવાનું વચન આપ્યું હતું. હવે આ અંતર્ગત જુલાઈની શરૂઆતમાં બ્રિટનથી ગેરકાયદેસર શરણાર્થીઓની પ્રથમ બેચ રવાંડા મોકલવામાં આવશે. આ માટે અહીંની સરકારે શરણાર્થીઓને અટકાયતમાં લેવાનું કામ શરૂ કરી દીધું છે.

હોમ સેક્રેટરી જેમ્સ ક્લેવરલીએ કહ્યું: 'અમારી એન્ફોર્સમેન્ટ ટીમો એવા લોકોને ઝડપથી અટકાયતમાં લેવા માટે કામ કરી રહી છે જેમને અહીં રહેવાનો કોઈ અધિકાર નથી. અટકાયતમાં લીધા બાદ તેમને રવાન્ડા મોકલવામાં આવશે.

તમને જણાવી દઈએ કે તાજેતરના વર્ષોમાં ગરીબી અને યુદ્ધના કારણે હજારો લોકો આફ્રિકા, મધ્ય પૂર્વ અને એશિયાઈ દેશોમાંથી બ્રિટન આવ્યા છે. આ લોકો પોતાનો જીવ જોખમમાં મૂકીને નાની હોડીઓમાં ઈંગ્લિશ ચેનલ પાર કરીને બ્રિટન પહોંચે છે. આ શરણાર્થીઓને રોકવા એ બ્રિટિશ સરકારની સૌથી મોટી પ્રાથમિકતા રહી છે. જોકે, ટીકાકારોનું કહેવું છે કે શરણાર્થીઓને રવાંડા મોકલવા અમાનવીય છે. બ્રિટિશ સુપ્રીમ કોર્ટે પણ શરણાર્થીઓને રવાન્ડામાં






દેશનિકાલ કરવાની નીતિને ગેરકાયદેસર જાહેર કરી છે.

વડા પ્રધાન ઋષિ સુનકે તાજેતરમાં યુરોપથી નાની બોટમાં આવતા પ્રવાસીઓ વિશે કહ્યું હતું કે આ લોકોને રોકવા માટે પહેલા તેમની અટકાયત કરવામાં આવશે. જે બાદ તેમને આગામી ૧૦ થી ૧૨ અઠવાડિયામાં રવાન્ડા મોકલવામાં આવશે. ચેરિટી ફ્રીડમ ફ્રોમ ટોર્ચરે સરકારના પગલાંની નિંદા કરી હતી. એમ પણ કહ્યું કે આ સરકારે માનવતા ગુમાવી દીધી છે. બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનકની રવાન્ડા નીતિ વિવાદમાં રહે છે. બ્રિટનમાં ગેરકાયદેસર રીતે આવતા લોકો સામે બનેલી રવાન્ડાની નીતિને લઈને તે ઘણી વખત ચર્ચામાં આવી ચૂક્યો છે. બ્રિટનની રવાન્ડા નીતિ તે શરણાર્થીઓ પર લાગુ કરવામાં આવી રહી છે જેઓ ઈંગ્લિશ ચેનલમાં આવી રહ્યા છે. આ તે લોકો છે જે ગેરકાયદેસર રીતે બ્રિટન પહોંચે છે. બ્રિટિશ નેશનાલિટી એન્ડ બોર્ડર્સ એક્ટ અનુસાર, દેશમાં માત્ર એવા લોકોને જ આશ્રય મળી શકે છે, જેઓ કાયદેસર રીતે આવ્યા હોય અને યુરોપના કોઈપણ દેશના રહેવાસી હોય.

# સુનીલ શેટ્ટીની ફરી એકવાર મોટા પડદા પર એક્શન હીરો તરીકે વાપસી

## તસવીર શેર કરી સુનીલ શેટ્ટીએ લખ્યું - 'લાયન્સગેટ ઈન્ડિયા સાથેના રોમાંચક આગામી પ્રોજેક્ટમાંથી મારો પહેલો લુક

મુંબઈ

'મોહરા', 'બોર્ડર' અને 'ધડકન' જેવી હિટ ફિલ્મો આપનાર અભિનેતા સુનીલ શેટ્ટી કોઈને કોઈ કારણોસર સમાચારમાં રહે છે. ક્યારેક પોતાના લુક્સથી તો ક્યારેક પોતાની ફિટનેસથી સુનીલ શેટ્ટી પોતાના ફેન્સનું દિલ જીતતા રહે છે. ૬૨ વર્ષની ઉંમરે પણ સુનીલ શેટ્ટી અદભૂત રીતે ફિટ દેખાય છે. લાંબા સમય બાદ સુનીલ શેટ્ટી ફરી એકવાર એક્શન હીરો તરીકે મોટા પડદા પર વાપસી કરવા જઈ રહ્યો છે, તે પણ મોટા સ્ટંટ સાથે. આ વાતની જાણકારી ખુદ અભિનેતાએ સોશિયલ મીડિયા પર આપી છે. એટલું જ નહીં, પોતાની આગામી ફિલ્મની જાહેરાત કરતી વખતે સુનીલે આ ફિલ્મનો પોતાનો ફર્સ્ટ લુક પણ શેર કર્યો છે, જેમાં તે કિલર દેખાઈ રહ્યો છે. સુનીલ શેટ્ટીએ શેર કરેલી તસવીરમાં તે બરફીલા પહાડોમાં સફેદ વિન્ટર સૂટ પહેરેલો જોવા મળી રહ્યો છે. મોટા પર્વતો તેમની આસપાસ બરફથી ઢંકાયેલા જોવા મળે છે. અન્ના બરફમાં બેઠેલા અને ઘેરા ચશ્મા પહેરીને પોઝ આપતા જોવા મળે છે. આ લુકમાં સુનીલ શેટ્ટી એકદમ ડેશિંગ લાગી રહ્યો છે.

# ટૂર્નામેન્ટની તૈયારીને આખરી ઓપ : ન્યૂયોર્કમાં લાવવામાં આવી રહી છે 'ડ્રોપ ઈન' પિચ

નવી દિલ્હી

ટી ૨૦૨૪ સીઝન પછી અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝ દ્વારા સંયુક્ત રીતે યોજાનાર ટી૨૦ વર્લ્ડ કપની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ શ્રેણીમાં, આ ટૂર્નામેન્ટમાં ઉપયોગમાં લેવાતી 'ડ્રોપ ઈન' પિચોને ફ્લોરિડાથી ન્યૂયોર્ક લાવવામાં આવી રહી છે. ખબર છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્લ્ડ કપના ગ્રુપ સ્ટેજની મેચ ન્યૂયોર્કમાં જ રમાશે. બંને ટીમો વચ્ચેની આ મેચ ૯ જૂને રમાશે.

'ડ્રોપ ઈન' પિચ એવી હોય



છે જે મેદાન અથવા સ્થળથી ક્યાંક દૂર બનાવવામાં આવે છે અને બાદમાં સ્ટેડિયમમાં લાવી નાખવામાં આવે છે. ફ્લોરિડામાં ટી૨૦ વર્લ્ડ કપ માટે ડિસેમ્બરથી ૧૦ ડ્રોપ-ઈન પિચ બનાવવામાં આવી રહી છે. એડિલેડ ઓવલ ટર્ફ સોલ્યુશન્સના માર્ગદર્શન હેઠળ પીચો બનાવવામાં આવી રહી છે, જેનું નેતૃત્વ એડિલેડ ઓવલના ચીફ ક્યુરેટર ડેમિયર હોગ કરી રહ્યા છે.


આઈસીસી અનુસાર, નાસાઉ સ્ટેડિયમમાં ચાર પિચ લગાવવામાં આવશે, જ્યારે આવી છ પિચો નજીકના પ્રેક્ટિસ કોમ્પ્લેક્સમાં લગાવવામાં આવશે. એડિલેડ ઓવલ ટર્ફ સોલ્યુશન્સ ટીમ ટૂર્નામેન્ટ દરમિયાન પિચની જાળવણીમાં મદદ કરવા ન્યૂયોર્કમાં રહેશે. ટી ૨૦ વર્લ્ડ કપ ૨ થી ૨૯ જૂન દરમિયાન યોજાશે.

# ફાઇટર પછી હૃતિક રોશન અને સિદ્ધાર્થ આનંદ 'ક્રિશ ૪'માં ફરી સાથે કામ કરશે!

મુંબઈ,

હૃતિક રોશનના ફેન્સ ક્રિશ ફ્રેન્ચાઈઝીની ચોથી ફિલ્મ 'ક્રિશ ૪'ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. દર્શકો માટે ખુશીની વાત છે કે હવે ધીરે ધીરે આ ફિલ્મ સાથે જોડાયેલી નવી માહિતી બહાર આવવા લાગી છે. લેટેસ્ટ અપડેટ ફિલ્મના ડાયરેક્ટર સાથે જોડાયેલું છે, જેને જાણીને રિતિકના ફેન્સની ખુશી બેવડાઈ જશે.

રિપોર્ટ્સ અનુસાર, ડિરેક્ટર સિદ્ધાર્થ આનંદ 'ક્રિશ ૪'નું નિર્દેશન કરી શકે છે. હૃતિક રોશન અને સિદ્ધાર્થ આનંદ આ પહેલા પણ ઘણી વખત સાથે કામ કરી ચુક્યા છે.




બંનેએ 'બેંગ બેંગ', 'વોર' અને 'ફાઈટર'માં કામ કર્યું હતું. તેમાંથી 'વોર' અને 'ફાઈટર' દર્શકોને ખૂબ પસંદ આવી હતી. આ ફિલ્મો બોક્સ ઓફિસ પર પણ સફળ રહી હતી અને કરોડો રૂપિયાનું કલેક્શન કર્યું હતું.

આ વર્ષના માર્ચ મહિનામાં સમાચાર આવ્યા હતા કે રિતિક રોશન ૨૦૨૫માં 'ક્રિશ ૪'નું શૂટિંગ શરૂ કરશે. તે તેના પિતા રાકેશ રોશન સાથે ફિલ્મની વાર્તા પર કામ કરી રહ્યો છે. એવું જાણવા મળ્યું હતું કે તે બંનેએ આ વર્ષના ઉનાળાના મહિનામાં તેને પૂર્ણ કરવાની યોજના બનાવી છે. બંને આ વર્ષના અંત સુધીમાં સ્ટોરીને ફાઈનલ કરવા ઈચ્છે છે. તમને જણાવી દઈએ કે હૃતિક રોશન હાલમાં ફિલ્મ 'વોર ૨'ના શૂટિંગમાં વ્યસ્ત છે.રિતિક રોશનને ફરી એકવાર સુપરહીરોના રોલમાં જોવા માટે ચાહકો આતુર છે. ફિલ્મ નિર્માતા ઈચ્છે છે કે 'ક્રિશ ૪'ની વાર્તા શાનદાર હોય. આ કારણે સારી વાર્તા તૈયાર કરવામાં ઘણો સમય લાગે છે.

# હાલારના બંને જિલ્લાઓમાં ચૂંટણી ફરજ બજાવનારા કર્મચારીઓ દ્વારા કરાયું મતદાન



જામનગર : લોકસભાની ચૂંટણીને હવે માત્ર ગણતરીના દિવસ જ બાકી રહ્યા છે, અને જામનગર જિલ્લાના ચૂંટણી તંત્ર દ્વારા જુદા જુદા કર્મચારીઓને મતદાન સંબંધી કામગીરીની વ્યવસ્થા સોંપવામાં આવી રહી છે, ત્યારે હાલારના બંને જિલ્લામાં ચૂંટણી ફરજ બજાવનારા કર્મચારીઓનું મતદાન યોજાયું હતું.

હાલારના બંને જિલ્લાઓ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૧૮૮૧ બુથ પર ૧-૧ ઈવીએમ સેટ ગોઠવીને તેના માટે ૬૩૪૪ કર્મચારીઓના વહીવટી સ્ટાફની નિયુક્તિ કરાઈ છે, અને આગામી સાતમી તારીખે તમામ કર્મચારીઓ પોતાની ફરજ પર રહેશે. જે પૈકીના બંને જિલ્લામાં ચૂંટણી ફરજ બજાવનારા ૩૭૨૩ કર્મચારીઓ માટેનું ગઈકાલે મતદાન યોજવામાં આવ્યું હતું. જે તમામ કર્મચારીઓ આગામી ૭મી તારીખે જુદા જુદા મતદાન માથકો પર પોતાની ચૂંટણી ફરજ પર રહેશે, તેના અનુસંધાને તમામ કર્મચારીઓનું આગોતરું મતદાન યોજાયું હતું.

# રિલાયન્સ રિટેલની ટીરા બ્યૂટી પ્રસ્તુત કરે છે નવી પ્રાઈવેટ લેબલ બ્રાન્ડ: 'નેઈલ્સ અવર વે'

જામનગર : રિલાયન્સ રિટેલ્સની ટીરા બ્યૂટી ઘોષણા કરે છે તેની લેટેસ્ટ પ્રાઈવેટ લેબલ બ્રાન્ડ, 'નેઈલ્સ અવર વે'ના લોન્ચિંગની, જે તેની બ્યૂટી ઓફરિંગ્સમાં એક મોટા વિસ્તરણને પ્રસ્થાપિત કરે છે. આ નવી ફેશન લાઈનમાં સામેલ છે પ્રિમિયમ નેઈલ કલર એન્ડ કેર પ્રોડક્ટ્સની વિશાળ રેન્જ, જેની ડિઝાઈન ખાસ ઉપભોક્તાઓને તેમની પોતાની અનોખી સ્ટાઈલને અભિવ્યક્ત કરવાની સાથે વ્યક્તિગત સર્જનાત્મકતાને હાંસલ કરવા સક્ષમ બનાવે છે.

'નેઈલ્સ અવર વે' નવીનતમ પ્રોડક્ટ લાઈનની સાથે નખની કાળજી રાખવાની પ્રક્રિયામાં એક નવતર અભિગમ પ્રસ્તુત કરે છે જેમાં જેલ વેલ, સ્વીફ્ટ ડ્રાય, બ્રીધ અવે અને ટ્રીટ કોટ નેઈલ ઈનેમલ કલેક્શન્સનો સમાવેશ થાય છે. આ કલેક્શન રંગોના વૈવિધ્યસભર વિકલ્પો પૂરા પાડે છે, જે સુનિશ્ચિત કરે છે કે તમે દરેક પ્રસંગ અને દરેક મૂડ સાથે સર્વોત્તમ સુમેળ સાધી શકો. વાઈબ્રન્ટ ઈનેમલ્સની સાથે, આ લાઈન નો બમ્પ બેઝ, ક્યુટી કેર અને ટફન અપ સોલ્યુશન્સ સહિતની અનોખી નેઈલ કેર પ્રોડક્ટ્સની સંપૂર્ણ લાઈન પ્રસ્તુત કરે છે જેથી તમારા નખને રક્ષણની સાથે મજબૂતાઈ મળે અને નિખરી ઉઠે.

## જામનગરમા ચેક પરત કેસમાં આરોપીને એક વર્ષની સજા

જામનગર : જામનગરના એક આસામીને ચેક પરત ફરવાના કેસમાં અદાલતે એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ મુજબના દંડનો આદેશ કર્યો છે.

જામનગરના અલ્કેશભાઈ જમનલાલ મંગી પાસેથી તેમના મિત્ર કેતન મોહનલાલ પટેલે રૂા. ૩,૮૫,૦૦૦ની રોકડ રકમ હાથ ઉછીની લીધી હતી. તે રકમ પરત ચુકવણી માટે બે બેંકના ચેક આપ્યા હતા. તે ચેક બેંકમાંથી એકાઉન્ટ બ્લોકના શેરા સાથે પરત ફરતા અલ્કેશ મંગીએ કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપીને તકસીરવાન ઠરાવી એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે. ફરિયાદીના તરીકે વકીલ રાજેશ કનખરા, ભાવિન નાખવા, યશ કટારમલ રોકાયા હતા.

# ભાણવડમાં રવિવારે લોહાણા જ્ઞાતિ માટે સમૂહ પ્રસાદીનું આયોજન

ભાણવડ : ભાણવડ શહેરમાં લોહાણા જ્ઞાતિમાં પોપટ પરિવારનાં સ્વ. નિર્મળાબેન જમનાદાસ પોપટનું એકાદ વરસ પહેલા અવસાન થતાં તેમની યાદમાં પરિવારજનોએ આગામી તા.૫ મે અને રવિવારે લોહાણા જ્ઞાતિ માટે સમુહ પ્રસાદીનું આયોજન કર્યુ છે. કાર્યક્રમના અનુસંધાને તા.૪ શનિવારે જૂની લોહાણા મહાજન વાડી ખાતે રાત્રે સાડાનવ કલાકે મિટિંગનું આયોજન કર્યું છે. મુળ પોરબંદરનાં સીમર ગામનાં વતની અને છેલ્લા ઘણા સમયથી ભાણવડમાં પ્રમાણીકતાથી વેપાર ધંધા માટે સ્થાયી થયેલા વેપારી જમનાદાસ પરમાણંદ ભાઈ પોપટના ધર્મપત્નિ નિર્મળાબેનનું અવસાન થયું હતું. જેથી તેમને ખરા અર્થમાં શ્રધ્ધાંજલી મળે એ માટે સમગ્ર પરિવારે આપસમાં વિચાર વિમર્શ કરી લોહાણાં સમાજ માટે આગામી તા.૫ અને રવિવારે સમુહ પ્રસાદીનું આયોજન કરેલ છે. પોપટ પરિવારનાં જમનાદાસ પરમાણંદભાઈ પોપટ, ભરતભાઈ પોપટ, કમલેશભાઈ પોપટ સહીત જાગૃતીબેન ભૂપેન્દ્ર ગોકાણીએ પ્રસાદ માટે અપિલ કરી છે.

# જામનગરમાં ચેકપરત કેસમાં આરોપીને બે વર્ષની સજા

જામનગર : જામનગરમાં ચેક પરત ફરવાના કેસમાં ભંગારના એક વ્યવસાયકારને અદાલતે બે વર્ષની સજાનો હુકમ કર્યો છે.

જામનગરના રણજીત નગર રોડ, નવો હુડકો વિસ્તારમાં રહેતા અને ભંગારના વ્યવસાયકાર એવા શંકરભાઈ ઘનશ્યામદાસ તેજવાણીએ પોતાના મિત્ર ભુપેન્દ્રભાઈ આશર પાસેથી રૂ.૭ લાખની રકમ માટે હાથ ઊછીની મેળવી હતી. જેની પરત ચૂકવણી માટે ચેક આપવામાં આવ્યો હતો .જે ચેક પરત ફરતા અદાલતમા ફરિયાદ નોંધાવાઈ હતી. આ કેસ ચલી જતા એડી. ચીફ. જ્યુડિ. મેજી. આર બી ગોસાઈએ આરોપી શંકરભાઈ તેજવાણીને બે વર્ષની સજા અને ચેકની રકમ મુજબના દંડનો હુકમ કર્યો છે. ફરિયાદી તરફે વકીલ અશોક ગાંધી રોકાયા હતા.

# દેવભૂમિ દ્વારકા : મતદાનના પહેલાના ૪૮ કલાક અને મતગણતરીના દિવસને "ડ્રાય ડે" જાહેર કરાયા

દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૦૭-૦૫-૨૦૨૪ના રોજ મતદાન થનાર છે. આ ચૂંટણીમાં મતદારો નિર્ભયપણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જિલ્લા મેજીસ્ટ્રેટ જી. ટી. પંડ્યા દ્વારા જાહેરનામા થકી મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા એટલે કે તા. ૦૫-૦૫-૨૦૨૪ થી તા. ૦૭-૦૫-૨૦૨૪ સુધી અને મતગણતરીના દિવસને એટલે કે તા. ૦૪-૦૬-૨૦૨૪ના દિવસને "ડ્રાય ડે" તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત જિલ્લામાં ચૂંટણીનું કાર્ય નિષ્પક્ષ રીતે પાર પડે તે માટે જિલ્લામાં આવેલ કેફી પદાર્થોનું વેચાણ કરતી હોટલ, ક્લબ, રેસ્ટોરન્ટ વગેરેને, ક્લબ, સ્ટાર હોટલ, રેસ્ટોરન્ટ અને હોટલ જેઓને દારૂ રાખવાનું અને પૂરો પાડવાનું લાયસન્સ આપવામાં આવેલ હોય, વ્યકિતગત દારૂનો ઉપયોગ કે સંગ્રહ કરવા પરમિટ ધરાવતા વ્યક્તિઓને તા. ૦૭-૦૫-૨૦૨૪ના રોજ મતદાન પૂરું થવા માટે નિયત સમયથી ૪૮ કલાક પહેલાનો સમયગાળો એટલે કે તા. ૦૫-૦૫-૨૦૨૪થી તા. ૦૭-૦૫-૨૦૨૪ સુધી અને મતગણતરીના દિવસે એટલે કે તા. ૦૪-૦૬-૨૦૨૪ના દિવસે (મતગણતરી પૂર્ણ થાય અને પરિણામ જાહેર થાય ત્યાં સુધી) દારૂ વેચાણ કરવા / પીરસવા પર જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

# ચૂંટણી પ્રચાર દરમિયાન ધર્મ કે જાતિના નામે મત માંગી શકાશે નહિ

દ્વારકા : આગામી લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે ગુજરાતભરમાં તા.૦૭ મે ના રોજ મતદાન થવાનું છે ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર જોરશોરથી થઈ રહ્યો છે. જે અન્વયે ચૂંટણી પંચ દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર અમુક સૂચનાઓ જાહેર કરવામાં આવી છે, જે મુજબ ચૂંટણી એક બિનસાંપ્રદાયિક પ્રક્રિયા હોવાથી ચૂંટેલા ઉમેદવારની કાર્યશૈલી પણ બિનસાંપ્રદાયિક હોવી જોઈએ. કોઈ પણ વ્યક્તિ ધર્મના નામે ચૂંટણી પ્રચાર કરી શકશે નહિ. ચૂંટણીમાં ઉમેદવારો અથવા તેના પ્રતિનિધિ ચૂંટણી પ્રચાર દરમિયાન ધર્મ કે જાતિ વગેરેના નામે મત માંગી શકે નહિ. જેની તમામ રાજકીય પક્ષો, ઉમેદવારોએ નોંધ લેવાની રહે છે, તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, દેવભૂમિ દ્વારકાની યાદીમાં જણાવાયું છે.

# કુરંગા તથા ઓખા મઢી ફાયરીંગ રેન્જમાં અવર-જવર પર પ્રતિબંધ

દ્વારકા : દ્વારકા તાલુકાના કુરંગા તથા ઓખા મઢી મુકામે મે, ૨૦૨૪થી જુલાઈ, ૨૦૨૪ દરમિયાન ફાયરીંગ પ્રેક્ટીસ કરવાની હોવાથી ફાયરીંગ બટ વિસ્તારમાં જાહેર જનતાના પ્રવેશ પર તા. ૦૩-૦૫-૨૦૨૪ના ૦૦:૦૦ કલાકથી તા. ૦૧-૦૭-૨૦૨૪ના રોજ ૨૪:૦૦ કલાક સુધી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દેવભૂમિ દ્વારકાને મળેલી સત્તાની રૂએ જાહેરનામું બહાર પાડી દ્વારકા તાલુકાના કુરંગા તથા ઓખા મઢી મુકામે આવેલ ફાયરીંગ રેન્જમાં તા. ૦૩-૦૫-૨૦૨૪ના ૦૦:૦૦ કલાકથી તા. ૦૧-૦૭-૨૦૨૪ના રોજ ૨૪:૦૦ કલાક સુધી જાહેર જનતાના પ્રવેશ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આ જાહેરનામાંનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

# ખંભાળિયામાં આજે વલ્લભાચાર્ય પ્રાગટય મહોત્સવ નિમિત્તે રઘુવંશી જ્ઞાતિની નાત

ખંભાળિયા : ખંભાળિયામાં આગામી શનિવાર તારીખ ૪ મે ના રોજ પૂજ્ય શ્રી વલ્લભાચાર્યજીના પ્રાગટ્ય મહોત્સવની ધર્મમય ઉજવણીના ભાગરૂપે અત્રે રઘુવંશી જ્ઞાતિજનોના સમૂહ પ્રસાદ (ફરાળી નાત)નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

ખંભાળિયાના રઘુવંશી સદ ગૃહસ્થ કમલેશભાઈ વિઠલાણી દ્વારા આગામી શનિવાર તારીખ ૪ ના રોજ પૂજ્ય શ્રી વલ્લભાચાર્યજીના પ્રાગટ્ય દિન નિમિત્તે અહીંના બેઠક રોડ ઉપર આવેલી શેઠ વી.ડી. બરછા નવી લોહાણા મહાજન વાડી ખાતે રઘુવંશી જ્ઞાતિના ભાઈઓ તથા બહેનો માટે ફરાળી નાત (સમૂહ



જ્ઞાતિ ભોજન) નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શનિવારે સાંજે ૬:૩૦ થી ૮:૩૦ વાગ્યા સુધી રઘુવંશી જ્ઞાતિના બહેનો માટે તેમજ રાત્રે ૮:૩૦ થી ૧૦ વાગ્યા સુધી જ્ઞાતિના ભાઈઓ માટે સમૂહ પ્રસાદનું આયોજન થયું છે. આ પૂર્વે શનિવારે બપોરે ૧૨:૩૦ વાગ્યે નવી લોહાણા મહાજન વાડી ખાતે સારસ્વત માસ્તાનનું પણ આયોજન કરાયું છે.

આ આયોજનમાં ખંભાળિયાના મૂળ વતની અને રાજયસભાના સાંસદ પરિમલભાઈ નથવાણી પણ ખાસ ઉપસ્થિત રહેશે. આ સમૂહ પ્રસાદમાં ખંભાળિયા ઉપરાંત કલ્યાણપુર, ભાટિયા, રાવલ, મીઠાપુર સહિત બારાડી વિસ્તારના રઘુવંશી જ્ઞાતિજનોને પણ સહભાગી થવા કમલેશભાઈ વિઠલાણી દ્વારા અપીલ કરવામાં આવી છે.

આ ફરાળી નાતના સુચારૂ આયોજન માટે ગઈકાલે બુધવારે સાંજે અત્રે નવી લોહાણા મહાજન વાડી ખાતે રઘુવંશી જ્ઞાતિના આગેવાનો, હોદ્દેદારો તથા ટ્રસ્ટીઓની એક મિટિંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર આર્યસમાજ દ્વારા છાશ વિતરણ



જામનગર : આર્યસમાજ - જામનગર દ્વારા માનવ સેવાની પ્રવૃતિના ભાગરૂપે તાજેતરમા સવારે ૧૦:૩૦ થી બપોરે ૧:૩૦ સુધી નિઃશુલ્ક છાશ વિતરણ પરબનો શુભારંભ કરવામાં આવ્યો. જેમાં આર્યસમાજ-જામનગરના પ્રમુખ દિપકભાઈ ઠક્કર, માનદમંત્રી નરેન્દ્રભાઈ મહેતા, ઉપમંત્રી ધવલભાઈ બરછા, કોષાધ્યક્ષ વિનોદભાઈ નાંઢા, અંતરંગ સદસ્યો ધીરજભાઈ નાંઢા, ભરતભાઈ આશાવર, અરવિંદભાઈ મહેતા, જગદીશભાઈ મકવાણા, જયેશભાઈ મહેતા, પ્રભુલાલભાઈ જે. મહેતા નિમંત્રિત સદસ્યા આશાબેન ઠક્કર, જયશ્રીબેન મહેતા, સુનીતાબેન ખન્ના, ધીરૂભાઈ બરછા હાજર રહ્યા હતા તેમજ બહોળી સંખ્યામાં જાહેર જનતાએ લાભ લીધેલ હતો.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હથિયારબંધી

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાયદો વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવો બનવા ન પામે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા દ્વારા એક હુકમ પ્રસિધ્ધ કરી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૦૬-૦૫-૨૦૨૪ થી તા. ૦૪/૦૬/૨૦૨૪ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

જેમાં શસ્ત્ર, દંડ, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા લાઠી અથવા કોઈ પણ પ્રકારના શારીરિક ઈજા કરી શકાય તેવા શસ્ત્રો અને ક્ષયકારી કે સ્ફોટક દારૂગોળો લઈ જવા, મનુષ્ય અથવા તેના શબ કે અન્ય આકૃતિઓ અથવા પુતળા દેખાડવા ઉપર, અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા, ગીતો ગાવા અને ટોળામાં ફરવા ઉપર કે પથ્થરો ફેકી શકય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા ઉપર દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારોમાં પ્રતિબંધ ફરમાવેલ છે. આ પ્રતિબંધ ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડ્ઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો કે જેમને ફરજ નિમિતે હથિયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/ કર્મચારી હથિયાર ધરાવતા હોય તેને, જેઓને શારીરિક આસક્તિને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને, પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓને, પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને, યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓએ દંડ રાખેલ હોય તેને, કિરપાણ રાખેલ શીખને કે પોલીસ અધિક્ષક અથવા તેઓએ નિયુક્ત કરેલ અધિકારીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યક્તિને લાગુ પડશે નહીં. આ પ્રતિબંધનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# મતદાનના દિવસે દિવ્યાંગ મતદારો અને વરિષ્ઠ મતદારોને ફ્રી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા મળશે

જામનગર : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે આગામી તારીખ ૭.૫.૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે. ત્યારે જામનગર શહેરમાં વસવાટ કરતા દિવ્યાંગ અને વરિષ્ઠ મતદારો (૮૦ વર્ષ કે તેથી વધુ વર્ષના મતદારો) ને મતદાન મથકે આવવા માટે અને પરત જવા માટે ફ્રી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પૂરી પાડવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર દ્વારા પહેલ કરવામાં આવી છે.

આગામી તારીખ ૭.૫.૨૦૨૪ ના રોજ મતદાન કરવા માટે ઈચ્છુક જામનગર શહેરના દિવ્યાંગ અને વરિષ્ઠ મતદારો (૮૦ વર્ષ કે તેથી વધુ વર્ષના મતદારો) ને મતદાન કરવા જવાના ૧ કલાક પહેલા મોબાઈલ નંબર ૯૭૩૭૮૬૦૬૫૨ અથવા ૯૦૯૯૭૯૦૦૧૨ ઉપર સંપર્ક સાધવાનો રહેશે તેમ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મત વિસ્તાર અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# દ્વારકા જિલ્લામાં રંગોળી થકી મતદાન જાગૃતિનો સંદેશો




દ્વારકા : આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યાની રાહબરી હેઠળ લોકશાહીના મહાપર્વમાં જનજનને ઉત્સાહપૂર્વક જોડવા માટે અનેકવિધ જનજાગૃતિના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મતદાર શિક્ષણ, મતદાર જાગૃતિ અને મતદાર સાક્ષરતાને પ્રોત્સાહન આપવા માટે અમલી કાર્યક્રમ 'સ્વીપ' એટલે કે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાની કલેકટર કચેરી, બી.આર.સી ભવન ભાણવડ, તાલુકા પંચાયત કચેરી ભાણવડ તેમજ તાલુકા સેવા સદન કલ્યાણપુર તથા, પ્રાંત કચેરી ખંભાળિયા, મામલતદાર કચેરી ખંભાળિયા સહિતની કચેરીઓ ખાતે નાગરિકોને 'Power of One Vote, Vote For Bªter India, અવસર લોકશાહીનો, ના સૂત્રોની રંગોળી બનાવી મતદાન જાગૃતિનો સંદેશો પાઠવવામાં આવી રહ્યો છે.

# સલાયામાં સમસ્ત હિન્દુ સમાજનું સમૂહ ભોજન

સલાયા : સલાયાના જેન્તિલાલ રામજીભાઈ વિઠ્ઠલાણી પરિવાર દ્વારા સ્વ. ભારતીબેન જેન્તિલાલ વિઠ્ઠલાણીના સ્મરણાર્થે સમસ્ત હિન્દુ સમાજ, બ્રહ્મ સમાજ, સારસ્વત મહાસ્થાન, રાજગોર સમાજ, સાધુ સમાજ માટે સમૂહ ભોજનનું આયોજન તા. ૫-૫-૨૦૨૪ ના દિને સલાયા લોહાણા મહાજન વાડીમાં બપોરે ૧ વાગ્યે કરવામાં આવ્યું છે. સવારે ૧૧ વાગ્યે જલારામ મંદિરે નૂતન ધ્વજારોહણ કરવામાં આવશે.

સમૂહ ભોજનની પૂર્વ સંધ્યાએ તા. ૪-૫-૨૦૨૪ ના રાત્રે ૧૦ વાગ્યે લોહાણા મહાજન વાડીમાં ખંભાળિયાના ગાયત્રી ગરબા મંડળ દ્વારા શ્રીનાથજીની ઝાંખીનો કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન એકત્ર થયેલ ફાળો ગૌમાતાના લાભાર્થે વાપરવામાં આવશે. સલાયા લોહાણા મહાજન તથા જલારામ સેવા સમિતિ દ્વારા જહેમત ઊઠાવવામાં આવી રહી છે.

# સગીરા ઉપર બળાત્કાર ગુજારનાર આરોપીનો જામીન ઉપર છુટકારો

જામનગર : સમગ્ર લાલપુર પંથકમાં ચકચારી બનેલ આ બનાવની વિગત એવી છે કે, લાલપુર તાલુકાના ગજણા ગામે રહેતા સમીર આદમભાઈ હમીરાણીએ એક ૧૬ વર્ષની સગીરાને પોતાની મોહજાળમાં ફસાવીને લગ્ન કરવાની લાલચ આપીને અપહરણ કરી ગયેલ અને સગીરા સાથે જુદી જુદી જગ્યાએ શરીર સંબંધો બાંધી બળાત્કાર ગુજારેલ હતો તે મતલબની પોલીસ ફરીયાદ લાલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાતા, પોલીસ દ્વારા આરોપી વિરૂદ્ધ ખુબજ ગંભીર એવા પોક્સોના કાયદા સહિત ઈ.પી.કો. કલમઃ ૩૬૩, ૩૬૬ તથા ૩૭૬ વિગેરે અન્વયેનો ગુન્હો નોંધાતા, પોલીસે આરોપી સમીર હમીરાણીની ધરપકડ કરી જેલ હવાલે કરેલ હતો.

ઉપરોક્ત આરોપીએ જામીન મુક્ત થવા માટે અત્રેની સ્પે. પોક્સો કોર્ટમાં સિનિયર વકીલશ્રી કિરણભાઈ બગડા મારફતે જામીન અરજી કરેલ હતી. જામીન અરજીની સુનાવણી દરમ્યાન આરોપીના વકીલે એવી દલીલો કરેલ કે, 'આ કોઈ બળજબરી કે અપહરણનો કેસ નથી, ટીન એઈજ લવનો કિસ્સો છે, ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષની છે, આ ઉંમરમાં સામાન્ય રીતે વિજાતીય આકર્ષણો ઉભા થતા હોય છે અને આજના આધુનિક યુગમાં આ પ્રકારના બનાવો બનવા સામાન્ય છે, આવા બનાવોમાં માત્ર પુરૂષને જ દોષિત ગણવો વ્યાજબી નથી ઉપરાંત ભોગ બનનારની પોલીસ રૂબરૂના નિવેદનની વિગતો પણ પ્રેમ સંબંધો દર્શાવે છે તેથી આવા પ્રેમ સંબંધોમાં ઈરાદા વગર થયેલા કૃત્યના કારણે આરોપીને જેલમાં રાખવો હિતાવહ ગણાય નહી' વિગેરે જેવી દલીલો ધ્યાને લઈ અત્રેની સ્પે. પોક્સો કોર્ટના જજ શ્રી એ.એ. વ્યાસ સાહેબે આ કેસના આરોપી સમીર આદમભાઈ હમીરાણીને જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી તરફે વકીલ કિરણભાઈ બી. બગડા, રસીદભાઈ ખીરા, જયન ડી. ગણાત્રા તથા હેલ્પીંગમાં ટ્રેઈની પાર્થ કિરણભાઈ બગડા રોકાયા હતા.

# નેત્રયજ્ઞ વિનામુલ્યે સર્વરોગ નિદાન અને સારવારના મેગા કેમ્પ

જામનગર : જામનગરના વનીતાબેન વિશ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ નટુભાઈ ત્રિવેદી અને સ્વ. મનહર ગાંધીની યાદમાં હસ્તે અલ્પેશભાઈ ગાંધીના સહકાર દ્વારા નીચે મુજબ નેત્રયજ્ઞ વિનામુલ્યે નિદાન અને સારવારનો મેગા કેમ્પોનું આયોજન થયેલ છે. તારીખ ૦૯.૦૫.૨૦૨૪ ગુરૂવાર, શ્રી ગીતા વિદ્યાલય, કાશી વિશ્વનાથ મંદિર પાસે, કે. વી. રોડ, જામનગર સમય :- સવારે ૯.૦૦ થી ૧૨.૦૦.

આ કેમ્પમાં ડો. હિરાબેન જોશી દ્વારા સર્વરોગ નિદાન અને સારવાર સાથે મફત દવા આપશે. ઓપ્થોમેટ્રીસ્ટ પરેશ ખુડખુડીયા દ્વારા આંખની તપાસ કરી રાજકોટ રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ કેમ્પ પુરો થયે મોકલી મફતમાં નેત્રમણી બેસાડી નવી દ્રષ્ટિ આપવામાં આવશે.

# શહેજાદાએ હારના ડરથી બેઠક બદલી : મોદી



કોલકતા,તા.૩

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે પશ્ચિમ બંગાળના બર્ધમાનમાં ગર્જના કરી હતી. તેમણે ચૂંટણી પ્રચાર દરમિયાન અહીં એક રેલીને પણ સંબોધિત કરી હતી. આ રેલીમાં પીએમ મોદીએ વિપક્ષી પાર્ટીઓ પર નિશાન સાધતા કહ્યું કે તેમનો જન્મ જનતાની સેવા કરવા માટે થયો છે. તેમણે વધુમાં કહ્યું કે તેમનું સ્વપ્ન માત્ર લોકોના સપના પૂરા કરવાનું છે. આ રેલીમાં પીએમ મોદીએ રાહુલ ગાંધીના રાયબરેલીથી લોકસભા ચૂંટણી લડવાના નિર્ણય પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી ડરના કારણે રાયબરેલી ભાગી ગયા હતા. રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "દેશ અને તમે બધાએ મને ઘણા બધા આશીર્વાદ આપ્યા છે. કદાચ કોઈ વ્યક્તિ તેના જીવનમાં કલ્પના પણ ન કરી શકે કે ભગવાનના રૂપમાં લોકો આટલા બધા આશીર્વાદ વરસાવે અને સતત વરસાવે. અને વર્ષોથી આ આશીર્વાદ વધી રહ્યા છે, જીવનમાં આનાથી વધુ સંતોષકારક શું હોઈ શકે. તેમણે વધુમાં કહ્યું કે, "હું મોજ કરવા માટે જન્મ્યો નથી અને હું મારા માટે જીવવા માંગતો નથી. હું ફક્ત તમારી સેવા કરવાનો, મહાન ભારત માતાના ૧૪૦ કરોડ દેશવાસીઓની સેવા કરવાનો સંકલ્પ લઈને આવ્યો છું.

મોદી હું દિવસભર કામ કરું છું અને આત્મનિર્ભર ભારત બનાવવાની રાત, પરંતુ મારા પોતાના લોકો માટે - મારું ભારત, મારા સપનાઓ.

વિપક્ષી પાર્ટીઓ ટીએમસી, કોંગ્રેસ અને ડાબેરીઓ પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું કે આ પાર્ટીઓ પાસે વિઝન નથી. તેમણે ડાબેરીઓ પર પડોશી રાજ્ય ત્રિપુરાને નષ્ટ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું, "તમે સારી રીતે જાણો છો કે ડાબેરીઓ, કોંગ્રેસ અને ટીએમસી રાજ્યનું શું કરી શકે છે. નજીકના ત્રિપુરાને ડાબેરીઓએ બરબાદ કરી દીધું હતું. પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં ભાજપે સમગ્ર ત્રિપુરાનું જીવન બદલી નાખ્યું છે. જ્યારે ડાબેરીઓએ છોડી દીધું, ત્યારે વિકાસનો સૂરજ ઉગવા લાગ્યો.

# રાયબરેલીમાંથી પહેલા જીત તો નોંધાવો...

## ગ્રાન્ડ માસ્ટર ગેરી કાસ્પારોવની રાહુલ ગાંધીને સલાહ : રાહુલ ગાંધીએ મોબાઈલ ફોન પર ચેસ રમતા હોવાનો વીડિયો પોસ્ટ કર્યો હતો



નવીદિલ્હી,

કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધીના અમેઠીને બદલે રાયબરેલીથી ચૂંટણી લડવાના નિર્ણયને એક મોટી રાજકીય ચાલ તરીકે રજૂ કરી રહ્યા છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે રાહુલ ગાંધીનું આ પગલું વિરોધીઓને હરાવી દેશે, વાસ્તવિક જીવનમાં ચેસ ચેમ્પિયન એવા રશિયન ગ્રાન્ડમાસ્ટર ગેરી કાસ્પારોવે રાહુલ ગાંધીનું નામ લીધા વિના તેમને સલાહ આપી છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટના જવાબમાં ગેરી કાસ્પારોવે લખ્યું છે કે, 'ટોચના પદ માટે પડકાર આપતા પહેલા તમારે તમારી પરંપરાગત બેઠક રાયબરેલીથી જીતવું પડશે.'

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના મનપસંદ ચેસ ખેલાડી ગેરી કાસ્પારોવે 'ટોચના સ્તરે પડકાર આપતા પહેલા રાયબરેલીમાં જીત તો મેળવો' કહીને રમત પ્રત્યેના તેમના શોખ અંગે પ્રતિક્રિયા આપી છે. આ ૬૧ વર્ષીય ભૂતપૂર્વ મહાન રશિયન ખેલાડીએ ૨૦૦૫માં સ્પર્ધાત્મક ચેસમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. તે 'ઠ' પર યુઝરની પોસ્ટનો જવાબ આપી રહ્યો હતો. કોંગ્રેસે તાજેતરમાં જ લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન રાહુલ ગાંધી તેમના મોબાઈલ ફોન પર ચેસ રમતા હોવાનો વીડિયો પોસ્ટ કર્યો હતો. આ વીડિયોમાં, ગાંધીએ કાસ્પારોવને તેમનો પ્રિય ચેસ ખેલાડી ગણાવ્યો હતો અને રમત અને રાજકારણ વચ્ચે સમાનતા દર્શાવી હતી.

વીડિયોમાં રાહુલ ગાંધીએ પોતાને રાજનેતાઓમાં શ્રેષ્ઠ ચેસ પ્લેયર ગણાવ્યા હતા. આના પર 'ઠ'ના એક યુઝરે લખ્યું, 'કાસ્પારોવ અને વિશ્વનાથન આનંદે આ રમતને વહેલી તકે અલવિદા કહીને ખૂબ જ સારું કર્યું. તેમને અમારા સમયના સૌથી મહાન ચેસ જિનિયસનો સામનો ન કરવો પડ્યો.

# હેમંત સોરેનને ઝારખંડ હાઈકોર્ટનો મોટો ફટકો : ધરપકડ વિરુદ્ધની અરજી ફગાવી

રાંચી,

પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનને ઝારખંડ હાઈકોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે હેમંત સોરેનની ધરપકડને પડકારતી અરજી ફગાવી દીધી હતી. તેમજ વચગાળાની જામીન અરજી પણ ફગાવી દીધી હતી. હાઈકોર્ટના કાર્યકારી ન્યાયાધીશ અને ન્યાયાધીશ નવનીત કુમારની ડિવિઝન બેન્ચે સુનાવણી પૂરી થયા બાદ ૨૮ ફેબ્રુઆરીએ ચુકાદો અનામત રાખ્યો હતો. હેમંત સોરેનને પણ કોર્ટમાંથી થોડી રાહત મળી છે. તેમને ૬ મેના રોજ તેમના કાકાના શ્રાદ્ધ કાર્યક્રમમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી છે. જોકે, સોરેનને મીડિયાથી દૂર રહેવાની સૂચના આપવામાં આવી હતી.

હેમંત સોરેન વતી દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ઈડી જે જમીન વિશે વાત કરી રહી છે તે ક્યારેય તેમના નામે નથી. ચુકાદો આપવામાં વિલંબને કારણે હેમંત સોરેન વતી સુપ્રીમ કોર્ટમાં અરજી પણ દાખલ કરવામાં આવી હતી, જેની સુનાવણી ૬ મેના રોજ થવાની છે.

# પાકિસ્તાનમાં દરરોજ હિંદુ મંદિરો અને ગુરુદ્વારા પર હુમલાની ઘટનાઓ પ્રકાશમાં આવતી રહે છે : ભારત



સંયુક્તરાષ્ટ્ર,

ભારતે ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનને ફટકાર લગાવી છે. ભારતે પાકિસ્તાનની આકરી ટીકા કરતા કહ્યું કે પાકિસ્તાનનો ટ્રેક રેકોર્ડ દરેક બાબતમાં શંકાસ્પદ છે. સંયુક્ત રાષ્ટ્રમાં 'શાંતિની સંસ્કૃતિ' વિષય પર જનરલ એસેમ્બલીની બેઠક યોજાઈ હતી, જેમાં પાકિસ્તાનના રાજદૂત મુનીર અકરમે કાશ્મીર, સીએએ અને અયોધ્યામાં રામ મંદિરના મુદ્દા પર ભારત વિરુદ્ધ ભાષણો કર્યા હતા અને ભારત વિરુદ્ધ ટિપ્પણીઓ કરી હતી. આનો જવાબ આપતાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કંબોજે પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા હતા.

રુચિરા કંબોજે કહ્યું કે 'આ મીટિંગમાં અમે શાંતિની સંસ્કૃતિ વિશે વાત કરી રહ્યા છીએ. આવા પડકારજનક સમયમાં આપણું ધ્યાન રચનાત્મક સંવાદ પર હોવું જોઈએ. આવી સ્થિતિમાં, આપણે એક પ્રતિનિધિમંડળ (પાકિસ્તાન)ની ટિપ્પણીઓને અવગણવી જોઈએ કારણ કે તેમની પાસે શિષ્ટાચારનો અભાવ છે, પરંતુ દરેક બાબતમાં તેમનો પોતાનો ટ્રેક રેકોર્ડ શંકાસ્પદ છે. તેમના વિનાશક અને હાનિકારક સ્વભાવને કારણે, તેઓ અમારા સામૂહિક પ્રયાસોને પણ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કંબોજે કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે આ પ્રતિનિધિમંડળ સન્માન અને મુત્સદ્દીગીરીના મૂળભૂત સિદ્ધાંતોનું પાલન કરે. ભારતના સ્થાયી પ્રતિનિધિએ કહ્યું કે 'આતંકવાદ શાંતિની સંસ્કૃતિની વિરુદ્ધ છે અને તે કરુણા, સહઅસ્તિત્વ જેવા ધર્મના ઉપદેશોની પણ વિરુદ્ધ છે.

# પશ્ચિમ બંગાળના રાજ્યપાલે રાજભવનમાં મંત્રી ચંદ્રિમાના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો

કોલકતા,

પશ્ચિમ બંગાળના ગવર્નર સીવી આનંદ બોઝ સામે જાતીય સતામણીના આરોપો બાદ, રાજ્યપાલે પોલીસ અને નાણા રાજ્ય મંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્યના રાજભવનમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકતો આદેશ જારી કર્યો હતો. પશ્ચિમ બંગાળના પ્રધાન ચંદ્રિમા ભટ્ટાચાર્યને બદનક્ષી અને બંધારણ વિરોધી મીડિયા નિવેદનો બદલ કોલકાતા, દાર્જિલિંગ અને બેરકપુરમાં રાજભવન પરિસરમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, એમ રાજભવને એક આદેશમાં જણાવ્યું હતું.

રાજ્યપાલથી જુનિયર, નાણાં વિભાગના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) ચંદ્રીમા ભટ્ટાચાર્યને રાજ્યપાલ વિરુદ્ધ બદનક્ષીભર્યા અને બંધારણ વિરોધી મીડિયા નિવેદનો કરવા બદલ કોલકાતા, દાર્જિલિંગ અને બેરકપુરના રાજભવન સંકુલમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વધુમાં જણાવ્યું હતું કે રાજ્યપાલે એ પણ નિર્દેશ આપ્યો છે કે તેઓ મંત્રીની હાજરીમાં કોઈપણ સમારોહમાં ભાગ લેશે નહીં. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, મંત્રી વિરુદ્ધ આગળના કાયદાકીય પગલાં અંગે સલાહ માટે ભારતના એટર્ની જનરલનો સંપર્ક કરવામાં આવ્યો છે.

# કેનેડામાં પોલીસની એક ભૂલના કારણે ચાર ભારતીયોના થયા મોત

ટોરેન્ટો,

એક ભારતીય દંપતીને કેનેડા આવવું ભારે પડ્યું છે. બહુવિધ વાહનોની અથડામણમાં એક દંપતી અને તેમના ત્રણ મહિનાના પૌત્ર સહિત ચાર લોકોના મોત થયા છે. વાસ્તવમાં, એવું કહેવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે ઓન્ટારિયો પોલીસ એક દારૂની દુકાનમાં લૂંટના શંકાસ્પદનો પીછો કરી રહી હતી જે રોંગ સાઈડમાંવાહન ચલાવી રહ્યો હતો.

ટોરોન્ટોથી લગભગ ૫૦ કિલોમીટર પૂર્વમાં વ્હીટબીમાં હાઈવે ૪૦૧ પર થયેલા અકસ્માતમાં માર્યા ગયેલા ચારેય લોકોનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, આ માહિતી પોલીસે આપી હતી. ઓન્ટારિયોના સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન યુનિટએ જણાવ્યું હતું કે ૬૦ વર્ષીય પુરુષ અને ૫૫ વર્ષીય મહિલા ભારતથી કેનેડા આવ્યા હતા. મલ્ટી-વ્હીકલની ટક્કરમાં દંપતીના ત્રણ મહિનાના પૌત્રનું પણ મૃત્યુ થયું હતું. સોમવારે બનેલી ઘટના બાદ હાઈવે ૪૦૧ કેટલાક કલાકો સુધી બંધ રહ્યો હતો. જોકે, એસઆઈયુએ પીડિતોના નામ જાહેર કર્યા નથી. એસઆઈયુએ જણાવ્યું કે આ અકસ્માતમાં બાળકના માતા-પિતા પણ ઘાયલ થયા છે. તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. માતાની હાલત વધુ ગંભીર છે એક મીડિયા રિપોર્ટ અનુસાર, ઓછામાં ઓછા છ વાહનો એકબીજા સાથે અથડાયા હતા, જેમાં એક ૨૧ વર્ષીય સંદિગ્ધનું પણ મોત થયું હતું. પોલીસે જણાવ્યું હતું કે તેમને બોમેનવિલેમાં દારૂની દુકાનમાં લૂંટનો અહેવાલ મળ્યો હતો. આ પછી પોલીસે શકમંદોનો પીછો કર્યો. કાર્ગો વાનમાં મુસાફરી કરી રહેલા શંકાસ્પદ વ્યક્તિએ રોંગ સાઈડમાં વધુ ઝડપે ગાડી ચલાવવાનું શરૂ કર્યું.

# મહારાષ્ટ્રમાં ધારાસભ્ય કિરણ સરનાઈકના પરિવારને રોડ અકસ્માત : ૫ લોકોના મોત

મુંબઈ,

મહારાષ્ટ્રના અકોલા જિલ્લામાં શુક્રવારે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. વિધાન પરિષદના સભ્ય કિરણ સરનાઈકના પરિવારની કાર રોડ અકસ્માતનો ભોગ બની હતી. આ અકસ્માતમાં ધારાસભ્ય કિરણ સરનાઈકના પરિવારના સભ્યો સહિત પાંચ લોકોના મોત થયા છે. આ અકસ્માત અકોલા જિલ્લાના પાતુર શહેર પાસે થયો હતો. કિરણ સરનાઈકના ભત્રીજા રઘુવીર સરનાઈકનું અકસ્માતમાં મોત થયું હતું. અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને અકોલાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ માર્ગ અકસ્માત બે કાર વચ્ચે સામસામે અથડાવાને કારણે થયો હતો. કારમાં કિરણ સરનાઈકનો ભાઈ, ભત્રીજો, પુત્રી અને પૌત્રી મુસાફરી કરી રહ્યા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને કારના ટુકડા થઈ ગયા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. તેમજ ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ચોથા તબક્કામાં દસ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૧૭૧૭ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં



નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ચોથા તબક્કામાં ૧૦ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના ૧૭૧૭ ઉમેદવારો ચૂંટણી લડશે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ચોથા તબક્કામાં મતદાન માટે જઈ રહેલા ૧૦ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના ૯૬ પીસી માટે કુલ ૪૨૬૪ ઉમેદવારીપત્રો ભર્યા હતા. તમામ ૧૦ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે ચોથા તબક્કા માટે નામાંકન ભરવાની છેલ્લી તારીખ ૨૫ એપ્રિલ, ૨૦૨૪ હતી. દાખલ થયેલા તમામ ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ ૧૯૭૦ ઉમેદવારીપત્રો માન્ય હોવાનું જણાયું હતું. ચોથા તબક્કામાં તેલંગાણામાં ૧૭ સંસદીય ક્ષેત્રોમાંથી મહત્તમ ૧૪૮૮ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા, ત્યારબાદ આંધ્રપ્રદેશમાં ૨૫ પીસીમાંથી ૧૧૦૩ નામાંકન થયા હતા. તેલંગાણામાં ૭-મલકાજગિરી સંસદીય મતવિસ્તારમાં સૌથી વધુ ૧૭૭ ઉમેદવારી ફોર્મ મળ્યાં હતાં, ત્યારબાદ આ જ રાજ્યમાં ૧૩-નાલગોન્ડા અને ૧૪-ભોંગિરમાં ૧૧૪ ઉમેદવારી ફોર્મ હતાં, જેમાં પ્રત્યેકમાં ૧૧૪ ઉમેદવારી ફોર્મ હતાં. ચોથા તબક્કા માટે પીસીમાં ચૂંટણી લડનારા ઉમેદવારોની સરેરાશ સંખ્યા ૧૮ છે.

# દક્ષિણ ઈંગ્લેન્ડમાં એક જ રાતમાં ૩૫૦૦૦થી વધુ વીજળી ત્રાટકી



લંડન,

બ્રિટનમાં હવામાન વિભાગે આગાહી કરી છે કે ત્યાં એક ભીષણ વાવાઝોડું ત્રાટકી શકે છે. દક્ષિણ ઈંગ્લેન્ડમાં એક જ રાતમાં ૩૫૦૦૦થી વધારે વખત વીજળી ત્રાટકી હતી સદનસીબે કોઈનો જીવ ગયો ન હતો, સસેક્સમાં ફક્ત બે મકાનોને નુકસાન થયું હતું.ઈંગ્લેન્ડ અને વેલ્સના કેટલાય વિસ્તારમાં આગામી ૨૪ કલાકમાં વાવાઝોડું ત્રાટકવાની આગાહી છે. સમગ્ર ઈંગ્લેન્ડમાં આ માટે ચેતવણી જારી કરી દેવામાં આવી છે.

આના પગલે ઈંગ્લેન્ડના કેટલાય રસ્તાઓ અને ખાસ કરીને મેટ્રો શહેરોના રસ્તાઓ પર જબરજસ્ત ટ્રાફિક અને અંધાધૂંધી પણ જોવા મળી હતી.લોકોએ ઘરે જવા અને સુપરમાર્કેટ્સમાંથી માલસામગ્રી ખરીદવા રીતસરની દોટ લગાવી હતી. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે વાવાઝોડાના લીધે ઘરોને નુકસાન જઈ શકે છે.

# ચૂંટણી પંચના આંકડાઓએ રાજસ્થાનના મંત્રીઓની સમસ્યાઓમાં કર્યો વધારો

જયપુર,

રાજસ્થાન લોકસભા ચૂંટણીમાં આ વખતે ૨૦૧૯ની સરખામણીમાં મતદાનમાં ૫.૧૧ ટકાનો ઘટાડો થયો છે. આવી સ્થિતિમાં ભાજપ અને કોંગ્રેસ પોતપોતાની જીતના દાવાઓ સાથે મતદાનથી થયેલા નુકસાનને ડીકોડ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ મોટી વાત એ છે કે ૪ મહિના પહેલા યોજાયેલી વિધાનસભાની ચૂંટણી સાથે સરખામણી કરીએ તો સરકારના મોટાભાગના મંત્રીઓ પણ તેમની વિધાનસભામાં મતદાનની ટકાવારી ઘટતી અટકાવી શક્યા નથી. ચૂંટણી વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડામાં એક હકીકત સામે આવી છે જે ભાજપના નેતાઓને ચિંતામાં મૂકે તેવી છે.

હકીકતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ છતાં રાજ્યની ભાજપ સરકારના મંત્રીઓ મતદારોને બૂથ સુધી લાવવામાં નિષ્ફળ રહ્યા છે. સરકારના મોટા ભાગના મંત્રીઓના વિધાનસભા ક્ષેત્રમાં વિધાનસભા ચૂંટણીની સરખામણીએ લોકસભા ચૂંટણી સુધી મતદાનમાં ૨૬.૬૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. મંત્રીઓની વાત કરીએ તો દિયા કુમારીના વિધાનસભા ક્ષેત્ર વિદ્યાધર નગરમાં વિધાનસભા ચૂંટણીની સરખામણીમાં લગભગ ૧૧ ટકા મતદાન ઘટ્યું છે. એ જ રીતે નાયબ મુખ્યમંત્રી પ્રેમચંદ બૈરવાના દુદુ વિધાનસભા ક્ષેત્રમાં લગભગ ૨૪ ટકા, કિરોરી લાલ મીણાના વિધાનસભા ક્ષેત્ર સવાઈ માધોપુરમાં લગભગ ૧૬ ટકા, ગજેન્દ્ર સિંહ ખિવસારના વિધાનસભા ક્ષેત્રમાં લગભગ ૧૫ ટકા, રાજ્યવર્ધન સિંહના વિધાનસભા ક્ષેત્ર જોતવાડામાં લગભગ ૧૨ ટકા, મદન દિલાવર. રામગંજ મંડીમાં લગભગ ૪ ટકા ઓછું મતદાન થયું હતું જેમાં વિધાનસભા સ્થગિત કરવામાં આવી હતી.

અલવરમાં લગભગ ૬ ટકા મતદાન ઘટ્યું છે ગૌતમ કુમારના બડી સાદ્રીમાં ૧૨ ટકા, ઝબર સિંહ ખરાના વિધાનસભા ક્ષેત્રમાં શ્રીમાધોપુરમાં ૨૧ ટકા અને હીરાલાલ નગરના સગૌડ વિધાનસભા ક્ષેત્રમાં ૭ ટકા. મોટી વાત એ છે કે લોકસભાની ચૂંટણીમાં રાજસ્થાનની ભાજપ સરકારના બે નાયબ મુખ્યમંત્રીઓ સાથે ૨૩ મંત્રીઓ પર પોતાના વિધાનસભા મતવિસ્તારની સાથે લોકસભા બેઠક જીતવાની મોટી જવાબદારી હતી.

# પાકિસ્તાનમાં ભયંકર અકસ્માતમાં ૨૦ના મોત

## ૧૫ લોકો ગંભીર રીતે ઘાયલ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમમાં ગિલગિટ-બાલ્ટિસ્તાન ક્ષેત્રના દિયામેર જિલ્લામાં સ્થિત કારાકોરમ નેશનલ હાઈવે પર એક ખતરનાક માર્ગ અકસ્માતના સમાચાર છે. આ અકસ્માતમાં મુસાફરોથી ભરેલી બસ ઉંડી ખીણમાં પડી હતી, જેમાં ૨૦ લોકોના મોત થયા હતા, જ્યારે ૧૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટના વિશે માહિતી આપતા એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે બસ રાવલપિંડીથી હુન્ઝા જઈ રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો.

સ્થાનિક પોલીસ અધિકારીએ જણાવ્યું કે અકસ્માત સમયે બસમાં કેટલા લોકો હાજર હતા તે હજુ સુધી જાણી શકાયું નથી. તેમણે કહ્યું કે ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે અને બચાવ કામગીરી ચાલી રહી છે. મૃતકોને પણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. મૃતકો વિશે માહિતી આપતા હોસ્પિટલના એક કર્મચારીએ જણાવ્યું કે મૃત્યુ પામેલાઓમાં ત્રણ મહિલાઓ પણ સામેલ છે.

# કિશોરી લાલ શર્માની અમેઠી લોકસભા બેઠક પરથી ઉમેદવારી

અમેઠી

ગાંધી પરિવારનો ગઢ ગણાતી આ બેઠક પર અમેઠી લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર કિશોરી લાલ શર્માએ શુક્રવારે બપોરે ઉમેદવારી નોંધાવી હતી. નોમિનેશન પહેલા તેઓ કોંગ્રેસ કાર્યાલયથી રોડ શો કાઢીને કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. આ દરમિયાન કોંગ્રેસના સેંકડો કાર્યકરો હાજર રહ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે કેએલ શર્માને ગાંધી પરિવાર તરફથી તેમની વફાદારી માટે ઈનામ મળ્યું છે. તે મૂળ પંજાબના લુધિયાણાનો છે. ૧૯૮૩ની આસપાસ રાજીવ ગાંધી તેમને પહેલીવાર અમેઠી લાવ્યા. ત્યારથી તે અહીં જ રહે છે. ૧૯૯૧માં રાજીવ ગાંધીના અવસાન બાદ ગાંધી પરિવારે અહીંથી ચૂંટણી લડવાનું બંધ કર્યું ત્યારે પણ શર્માએ કોંગ્રેસ પાર્ટીના સાંસદ માટે કામ કરવાનું ચાલુ રાખ્યું હતું.



રાયબરેલીથી સોનિયા ગાંધીના સાંસદ તરીકે ચૂંટાયા પછી, તેમણે તેમના પ્રતિનિધિ તરીકે કામ કર્યું. જ્યારે સોનિયા ગાંધીએ ચૂંટણી લડી ન હતી ત્યારે કિશોરીને રાયબરેલીથી દાવેદાર માનવામાં આવતી હતી, પરંતુ પાર્ટીએ તેમને રાયબરેલીની જગ્યાએ અમેઠીથી ઉમેદવાર બનાવ્યા છે.

## ભાજપ પૈસાની તાકાતથી લડે છે, અમે લોકોની શક્તિથી લડીશું : પ્રિયંકા ગાંધી

અમેઠી લોકસભા સીટ માટે કોંગ્રેસના ઉમેદવાર જાહેર થયા બાદ કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા શુક્રવારે અમેઠીમાં કોંગ્રેસ કાર્યાલય પહોંચ્યા અને કાર્યકર્તાઓને સંબોધિત કર્યા. કોંગ્રેસના ઉમેદવાર કિશોરી લાલ શર્મા અંગે તેમણે કહ્યું કે કિશોરી લાલ જી અમેઠીના દરેક ગામને જાણે છે. બધાને ઓળખે છે અને ઘણા સમયથી અહીં કામ જોઈ રહ્યો છે. મને પૂરો વિશ્વાસ છે કે તમે બધા તેમને જીતાડશો. અમે અમેઠીમાં સત્યની રાજનીતિ માટે આવ્યા છીએ. તેમણે કાર્યકરોની ખબર-અંતર પૂછ્યું અને તેમને વિજય માટે કામ કરવાની અપીલ પણ કરી. પ્રિયંકાએ કહ્યું કે ભાજપના લોકો પૈસાની શક્તિથી ચૂંટણી લડે છે, અમે જનશક્તિથી લડીને જીતીશું. તેમણે કાર્યકરોને કહ્યું કે આ તમારી ચૂંટણી છે, તમે લડશો, જીતશો. તમને જણાવી દઈએ કે લાંબી રાહ જોયા બાદ નોમિનેશનના છેલ્લા દિવસે નક્કી કરવામાં આવ્યું હતું કે કિશોરી લાલ શર્મા અમેઠીથી અને રાહુલ ગાંધી રાયબરેલીથી ચૂંટણી લડશે.

# ભારતના મુસ્લિમો પાકિસ્તાન સરકારના ષડયંત્રને નિષ્ફળ બનાવશે : મૌલાના શહાબુદ્દીન રઝવી

બરેલી

લોકસભા ચૂંટણીને લઈને દેશમાં રાજકીય માહોલ ગરમાયો છે. પ્રચાર દરમિયાન નેતાઓ એકબીજા પર રાજકીય તીર વરસાવી રહ્યા છે. આ દરમિયાન પાકિસ્તાનના પૂર્વ મંત્રી ફવાદ ચૌધરીએ ભારતમાં યોજાઈ રહેલી લોકસભા ચૂંટણીને લઈને નિવેદન આપ્યું હતું. આ અંગે ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદ્દીન રઝવી બરેલવીએ કહ્યું કે ભારતમાં લોકસભાની ચૂંટણી લોકશાહી પ્રણાલી હેઠળ યોજાઈ રહી છે. ચૂંટણી પંચ એક સ્વતંત્ર સંસ્થા છે જે નિષ્પક્ષ ચૂંટણીઓ કરાવે છે. પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા પાકિસ્તાનના ભૂતપૂર્વ મંત્રી દ્વારા ભારતમાં યોજાઈ રહેલી ચૂંટણીને પ્રભાવિત કરવા માંગે છે, પરંતુ ભારતના મુસ્લિમો અને અહીંની સામાન્ય જનતા પાકિસ્તાન સરકારના ષડયંત્રને નિષ્ફળ બનાવશે.

મૌલાના શહાબુદ્દીન રઝવીએ કહ્યું કે, પાકિસ્તાન સરકારે ભારતીય ચૂંટણીમાં દખલ ન કરવી જોઈએ, તે અમારો આંતરિક મામલો છે. જ્યાં સુધી મુસ્લિમોનો સવાલ છે, પાકિસ્તાને ભારતીય મુસ્લિમોની વકીલાત કરવાનું બંધ કરવું જોઈએ. ભારતમાં મુસ્લિમો સ્વતંત્ર અને સ્વતંત્ર છે. અમે અમારી સરકારો સમક્ષ મુસ્લિમોના મુદ્દાને મુખ્ય રીતે ઉઠાવીએ છીએ. આપણા ભારતીય બંધારણે આપણને આઝાદી આપી છે. આ અંતર્ગત અમે હંમેશા કહીએ છીએ કે અમે વિદેશી શક્તિઓ પર નિર્ભર નથી અને અમે પણ ઈચ્છીએ છીએ કે પાકિસ્તાન જેવી વિદેશી શક્તિઓ ભારતના મામલામાં હસ્તક્ષેપ ન કરે.

# જામનગરમાં મહાપ્રભુજીના ૫૪૭મા પ્રાકટય મહોત્સવ નિમિત્તે મોટી હવેલીથી પ્રભાત ફેરી યોજાઇ






તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં મહાપ્રભુજીના ૫૪૭મા પ્રાકટ્ય મહોત્સવની ભારે ધામધૂમપૂર્વક ઉજવણા કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે આજે સવારે જામનગરની મોટી હવેલીથી પ્રભાતફેરી યોજવામાં આવી હતી, તેમજ મહાપ્રભુજીની બેઠકે પૂર્ણ થયા પછી પરિક્રમા યોજવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. તેમજ સાંજે છ વાગ્યે મોટી હવેલીથી ભવ્ય શોભાયાત્રાનું પણ આયોજન કરાયું છે. છોટીકાશીના ઉપનામથી પ્રચલિત એવા જામનગર શહેરમાં આજે મહાપ્રભુજીના ૫૪૭મા પ્રાકટ્ય મહોત્સવ નિમિતે આજરોજ જામનગરમાં મોટી હવેલીથી પ્રભાત ફેરી યોજવામાં આવી હતી. જે નગરભ્રમણ કરીને મહાપ્રભુજીની બેઠક પર પૂર્ણ થઇ હતી. ત્યાર પછી મહાપ્રભુજી બેઠકથી પરિક્રમા યાત્રા યોજવામાં આવી હતી. જેમાં અસંખ્ય ભાવિકો જોડાયા હતાં. આ ઉપરાંત સાંજે ૬.૦૦ વાગ્યે મોટી હવેલીથી ભવ્ય શોભાયાત્રા પણ યોજવામાં આવી છે. જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# જામનગરમાં દક્ષિણ વિધાનસભા મત વિસ્તારમાં ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમના સમર્થનમાં ભવ્ય બાઈકરેલી યોજાઈ

## રેલીમાં ૫૦૦ થી વધુ બાઈકચાલકો જોડાયા : પૂનમબેન માડમનું ઠેર ઠેર વિજય તિલક કરી અભિવાદન કરાયું : ''અબ કી બાર ૪૦૦ કે પાર''ના નારાઓ લાગ્યા

જામનગર : ભારતીય જનતા પાર્ટી ૭૯ જામનગર (દક્ષિણ) વિધાનસભા મત વિસ્તારમાં વિશાળ બાઈક રેલી યોજાઈ. એમ્યુઝમેન્ટ પાર્કથી શરુ થયેલ આ રેલી સત્યમ કોલોની - કૃષ્ણનગર રોડ - પીપળાવાળા ચોક - શાંતિનગર,૪ - જનતા ફાટક - હર્ષદ માતાના મંદિર - જૂનો હૂડકો - આઈ લાઈન - એફ લાઈન - રઘુવીર ચોક - આર્ય પાન - સરદાર પટેલ ચોક - નવાનગર બેન્ક ચોક - હીરજી મિસ્ત્રી રોડ - જોલી બંગલો - ૫૮, દી પ્લોટ - હિંગળાજ ચોક - નવી નિશાળ - પાણીનો ટાંકો - મિલેટ્રી ગેઈટ - જેલ - પવન ચક્કી - નાનકપુરી - સાધના કોલોની - પટેલ પાર્ક - જડેશ્વર મંદિર - મહાવીરનગર - બાઈની વાળીનો મેઈન કોર્નર - જૂની આઈસ ફેક્ટરી - ક્રિષ્ના પાર્ક - કિશાન ચોક - પવન ચક્કી - આર્યસમાજ રોડ - ખંભાળિયા ગેઈટ - હવાઈ ચોક - સન્ટ્રલ બેન્ક - ચાંદી બજાર - દરબાર ગઢ - શાક માર્કેટ - દિપક ટોકીઝ - બેદી ગેઈટ - ઈન્દ્રપ્રસ્થ - પંચેશ્વર ટાવર - ભાજપ કાર્યાલય એ પૂર્ણ થયેલ. રેલી દરમિયાન ૧૨ લોકસભાના ઉમેદવાર તથા સાંસદ




તસવીરઃ સુનિલ ચુડાસમા

પૂનમબેન માડમનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવેલ હતું. પવનચક્કી સહીત અનેક સ્થળે ભવ્ય સ્વાગત, પુષ્પગુછ, હારથી સાંસદ તથા ઉમેદવાર પૂનમબેન માડમનું અભિવાદન તથા વિજય તિલક કરવામાં આવેલ. આશરે ૫૦૦ થી વધુ બાઈક રેલીમાં જોડાયેલ. સમગ્ર રેલી દરમિયાન "અબકીબાર મોદી સરકાર", તથા "અબકી બાર ૪૦૦ કે પાર" ના નારા સાથે સમગ્ર વિસ્તાર ભગવામાંય બની ગયો હતો.

આ બાઈક રેલીમાં ૧૨ લોકસભાના સાંસદ તથા ઉમેદવાર પૂનમબેન માડમ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, ભાજપ શહેર અધ્યક્ષ વિમલભાઈ કગથરા, મહામંત્રી પ્રકાશ બાંભણિયા, વિજયસિંહ જેઠવા, મેરામણ ભાટુ, મેયર વિનોદ ખીમસુરિયાં, સ્ટે. કમિટી ચેરેમન નિલેશ કગથરા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, શાસકપક્ષ નેતા આશિષ જોશી, દંડક કેતન નાખવા, પૂર્વ ધારાસભ્ય લાલજીભાઈ સોલંકી સહીત કોર્પોરેટરો, પૂર્વ પ્રમુખો, મોરચાના હોદેદારો, પદાધિકારીઓ, કાર્યકર્તાઓ, વિવિધ સમાજના અગ્રણીઓ જોડાયા હતા.

# ધ્રોલના મોટા વાગુદડ ગામે માતાએ કામ બાબતે ઠપકો આપતા પુત્રીએ જીવન ટૂંકાવ્યું

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના મોટા વાગુદડ ગામમાં રહેતી ૨૦ વર્ષની યુવતીએ ગઈકાલે પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર જાગી છે. માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતાં માઠું લાગવાથી આ પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.



ધ્રોળ તાલુકાના મોટા વાગુદડ ગામમાં રહેતી હિરલબા વનરાજસિંહ જાડેજા નામની ૨૦ વર્ષની યુવતીએ ગઈકાલે બપોરે પોતાના ઘેર કોઈ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લેતાં પરિવારજનોમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ હતી. આ બનાવ અંગે પોલીસને જાણ કરાતાં ધ્રોલ પોલીસની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી અને હિરલબાના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ કરાવ્યું છે.

આ બનાવ અંગે મૃતકના પિતા વનરાજસિંહ પ્રભાતસિંહ જાડેજાએ પોલીસને જાણ કરી હતી કે, મૃતકની માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતાં માઠું લાગવાથી આ પગલું ભરી લીધું હોવાનું જાહેર કરાયું છે. જે સમગ્ર મામલે ધ્રોળ પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

# ભાણવડના બરડા ડૂંગર વિસ્તારમાંથી દેશી દારૂની ભઠી ઝડપાઈ : આરોપીઓ ફરાર

ખંભાળિયા : ભાણવડના બરડા ડુંગર વિસ્તારમાં સ્થાનિક પોલીસે દરોડો પાડી દારૂની ભઠી ઝડપી લઈ રૂા. ૧૬ હજારનો મુદ્દામાલ કબ્જે કયો'' હતો. ચાર શખ્સને ફરાર જાહેર કરી ગુનો નોંધાય છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ વિસ્તારમાં આવેલા બરડા ડુંગર ખાતે અહીંના ડી.વાય.એસ.પી. ડો. હાર્દિક પ્રજાપતિ તથા તેમના સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ડીવાયએસપી કચેરીના એ.એસ.આઈ. શક્તિરાજસિંહ જાડેજા અને સુખદેવસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે બરડા ડુંગરના મોરડીયા નેશ ખાતે એક દેશી દારૂની ધમધમતી ભઠ્ઠી ઉપર દરોડો પાડવામાં આવ્યો હતો.

આ સ્થળેથી ૨૨૦ લિટર દેશી દારૂ, ૧૬ બેરલમાં ભરીને રાખવામાં આવેલા ૩૨૦૦ લીટર દારૂનો આથો, અખાદ્ય ગોળ, તાંબાની નળી, દારૂની ભઠ્ઠીના જુદા જુદા સાધનો મળી કુલ રૂપિયા ૧૫,૯૦૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.



તસવીરઃ રાકેશ સામાણી

દારૂની ભઠ્ઠી ચલાવવાની આ પ્રવૃત્તિ ભાણવડ તાબેના ફિલ્ટર નેશ વિસ્તારમાં રહેતા કરશન અરજણ ચાવડા, રાજુ અરજણ ચાવડા, અમરા લખમણ ચાવડા અને અતુલ અમરા ચાવડા નામના શખ્સો દ્વારા કરવામાં આવી રહી હોવાનું ખુલવા પામ્યું છે. જો કે આરોપીઓ આ સ્થળે મળી ન આવતા હાલ તમામને ફરાર જાહેર કરવામાં આવ્યા છે. જે અંગે ભાણવડ પોલીસ મથકમાં ધોરણસર ગુનો નોંધાયો છે.

# દ્વારકામાં આધેડનું વીજશોક લાગવાથી મૃત્યુ

ખંભાળિયા : દ્વારકામાં રહેતા આધેડનું વીજશોક લાગતાં સારવાર દરમ્યાન મૃત્યુ નિપજયું હતું. આ બનાવ અંગે જાણ થતાં સ્થાનિક પોલીસે સ્થળ પર દોડી જઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ દ્વારકા શહેરમાં નરસંગ ટેકરી વિસ્તારમાં રહેતા વાલાભાઈ મૂરાભાઈ સુમત નામના ૪૯ વર્ષના આધેડ પોતાના ઘરમાં ઈલેકટ્રીક બોર્ડમાં પ્લગ ભરાવવા જતાં હોય, આ વેળાએ જોરદાર વીજ કરંટ લાગતા તેઓ બેભાન થઈ ઢળી પડયા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવારઅર્થે દવાખાને ખસેડાયા હતા. જેઓનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજયું હતું. આ બનાવ અંગે વેજાભાઈ હરિયાભાઈ સુમત દ્વારા દ્વારકા પોલીસ મથકે જાણ કરાતાં હે. કો. એચ. સી. જાડેજા આગળની તપાસ ચલાવી રહયા છે.

# દ્વારકા જિલ્લામાં યુવાન અને વૃધ્ધની આત્મહત્યા

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઝેરી દવા ગટગટાવી યુવાન અને વૃધ્ધે જીવનલીલા સંકેલી લેતાં બન્ને બનાવ અંગે સ્થાનિક પોલીસે ઘટના સ્થળે દોડી જઈ કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

મળતી વિગત મુજબ કલ્યાણપુર તાલુકાના લાંબા બંદર વાડી વિસ્તારમાં રહેતાં ભીખુભાઈ અરશીભાઈ મંડોરા નામના ૩૦ વર્ષના પ્રજાપતિ યુવાને કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લેતાં તેનું મૃત્યુ નિપજયું હતું. બીજી તરફ આ બનાવ અંગે હરિશભાઈ ટપુભાઈ મંડોરાએ કલ્યાણપુર પોલીસ મથકે જાણ કરતાં એએસઆઈ વી. કે. પોસ્તરિયાએ સ્થળ પર દોડી જઈ આત્મહત્યા કરવા પાછળનું કારણ જાણવા સહિતની તપાસ હાથ ધરી છે.

જયારે કલ્યાણપુર તાલુકાના રાણ ગામે પ્લોટ વિસ્તારમાં રહેતા જમનભાઈ રૂડાભાઈ પરમાર નામના ૬૩ વર્ષના સતવારા જ્ઞાતિના વૃધ્ધે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન તેઓનું મૃત્યુ નિપજયું હતું. આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસ મથકે કાનાભાઈ રૂડાભાઈ પરમારએ જાણ કરતાં હે.કો. એન. એ. બારડે સ્થળ પર દોડી જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# તેમનો ગુરૂ મંત્ર 'રામજી કી ઈચ્છા સે' તથા ગુરૂ કૃપા મને મળી છે તે મારૂ સદનસીબ છે



## પૂ.મદન મોહનદાસ બાપુને ગુરૂ વંદના સાથે શ્રધ્ધાસુમન પાઠવતા કોમલકાંત શર્મા

ભાવનગર : પૂ.મદનમોહનદાસ બાપુના દેહવિલયથી સમગ્ર ભાવનગર શોકમય બન્યું છે. ગોળીબાર હનુમાનજી દાદાના પરમ સેવક-મહંત અને સેવાના ભેખધારી બાપુ ૧૧૫ વર્ષની વયે દેહ ત્યાગ કરી રામ શરણમાં સ્થિર થયા છે. હજારો ભક્તોના જીવનમાં જેમની કૃપા રહી છે તેવા મદનમોહનદાસ બાપુને ગુરૂવંદના સહ શ્રધ્ધાસુમન પાઠવતા કોમલકાંત શર્માએ જણાવ્યું હતું કે, પૂ.બાપુની ગુરૂ કૃપા નિરંતર સાથે રહી છે અને રહેશે. તેમણે આપેલો ગુરૂ મંત્ર 'રામજી કી ઈચ્છા સે' તથા તેમની ગુરૂ કૃપા મને મળી છે તે મારૂ સદનસીબ છે. તેમના દેહ વિલયથી નિઃશબ્દ છું. જો કે, તેમની કૃપા સદાકાળ સાથે રહેશે.

બાપુએ દરેક કાર્યમાં રામજી કી ઈચ્છા સમજી કામ કરવું તે શિખ આપેલી તે મારો જીવન મંત્ર બની ગયો છે. મને અને મારા પરિવારને જે પણ પ્રાપ્ત થયું છે તે બાપુના આશિર્વાદ અને રામજી કી ઈચ્છા જ છે તેમ કહી શકાય. હું ત્રણ વર્ષનો હતો ત્યારથી મારા પિતાશ્રીની આંગળીએ શ્રી ગોળીબારજી હનુમાન મંદિરે જતો અને ત્યારે બાપુશ્રી પોતે સ્નેહભરી દ્રષ્ટિથી આશિર્વાદ આપતા અને હનુમાનજીને શ્રીફળ તેઓ ચડાવી આપતા તે મને આજે પણ યાદ છે. મારા માતા-પિતા, ભાઈઓ, સંતાનો સહિત સમગ્ર પરિવાર પર તેમની અસીમ કૃપા રહી છે. તેઓ મારા ગુરૂજી તો હતા જ અને સાથે સાચા માર્ગદર્શક પણ હતાં. જીવનના નાના-મોટા પ્રસંગોમાં તેમની કૃપા અને માર્ગદર્શન સતત મારી સાથે રહ્યું છે. 'રામજી કી ઈચ્છા સે' અને અનેક વખત પૂ.બાપુની સાથે બેસીને તેમની કૃપા તથા આશિર્વાદ મેળવવાનો મને લાભ મળ્યો છે તે માટે હું મને સદ્દભાગી સમજું છું.

પોતાની ભાવાંજલી અર્પણ કરતા કોમલકાંત શર્માએ જણાવ્યું કે, ભગવાન શ્રી રામની કૃપા આપણા સહુ પર થઈ હશે જેથી પૂ.મદનમોહનદાસ બાપુ જેવા સંત, ગુરૂ આપણને પ્રાપ્ત થયા. તેઓ હનુમાનજી મહારાજ અને રામના શરણમાં સ્થિર થયા છે. પરંતુ તેમના આશિર્વાદ તો હરહંમેશ સાથે છે અને રહેવાના.




Gross Assets Under Management of ₹198,652*million worth of accounts, serviced from 487*# branches.

GHAR BANEGA, TOH DESH BANEGA.

Aadhar Housing Finance Ltd

GHAR BANEGA, TOH DESH BANEGA.

www.aadharhousing.com

We are India's largest^ low-income housing finance company, present in 533 districts across 20 states and UTs*, focusing on providing housing finance to low-income groups and economically weaker sections.

Promoted by BCP Topco (which is managed and/or advised by affiliates of Blackstone Group Inc., one of the world's leading investment firms).

As of December 31, 2023, we had 255,683** live accounts (including assigned and co-lent loans) and we had the highest number of live accounts among analysed peers in FY 2023, according to CRISIL.

We had the highest AUM^ and Net Worth^ among analysed peers for the Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine months ended December 31, 2023^, according to CRISIL.

We actively participate in various affordable housing initiatives of the Government of India, such as the PMAY scheme.

We are Aadhar Housing Finance.

(*As of December 31, 2023). ^Gross AUM of Aadhar Housing Finance Limited (Rs. Million): 133,271.0; 147,777.9; 172,228.3; 198,651.6 and Net Worth (Rs. Million): 26,927.6; 31,466.3; 36,976.0; 42,491.0 as on Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine month ended December 31, 2023 respectively. As per CRISIL Report, Aadhar Housing Finance Limited has the highest AUM and net worth amongst select peers in India analysed, as on Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine month ended December 31, 2022 and December 31, 2023. (** LIVE ACCOUNTS: (including assigned and co-lent accounts) 182,471; 204,135; 233,228; 255,683 as of March 31, 2021, 2022, 2023 and December 31, 2023, respectively). #The number of branches does not include regional and corporate offices.

**Top 5 Risk Factors;** 1.Our Erstwhile Promoters are subject to ongoing regulatory investigations by enforcement agencies including the Enforcement Directorate and the outcome of such investigations may adversely impact us and the Equity Shares held by our Promoter, BCP Topco and the market price of the Equity Shares of our Company. 2.We are party to certain legal proceedings and any adverse outcome in these or other proceedings may adversely affect our business. 3.We depend on the accuracy and completeness of information provided by our potential borrowers and third-party service providers. Our reliance on any misleading information given by potential borrowers may affect our judgment of credit worthiness of potential borrowers, and the value of and title to the collateral, which may affect our business, results of operations, cash flows and financial condition. 4.We have had negative net cash flows in the past and may continue to have negative cash flows in the future. 5.Any increase in the levels of non-performing assets in our AUM would adversely affect our business, results of operations, cash flows and financial condition.

**Aadhar Housing Finance Limited** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offering of its equity shares (**"Equity Shares"**) and has filed the red herring prospectus dated April 30, 2024 (the **"RHP"**) with the RoC. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, website of stock exchanges i.e. NSE at www.nseindia.com, BSE at www.bseindia.com and on the website of the Company at https://aadharhousing.com/ and on the websites of the BRLMs, i.e. ICICI Securities Limited, Citigroup Global Markets India Private Limited, Kotak Mahindra Capital Company Limited, Nomura Financial Advisory and Securities (India) Private Limited and SBI Capital Markets Limited at www.icicisecurities.com, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, https://investmentbank.kotak.com, www.nomuraholdings.com/company/group/asia/india/index.html and www.sbicaps.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk. For details, potential investors should refer to the RHP, including the section titled *"Risk Factors"* beginning on page 24 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision. Specific attention of the investors is invited to *"Risk Factors"* on page 24 of the RHP.

This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares have not been, and will not be, registered under the United States Securities Act of 1933, as amended (the **"U.S. Securities Act"**) and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act. Accordingly, the Equity Shares are only being offered and sold (a) within the United States solely to persons who are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) in transactions exempt from or not subject to the registration requirements of the U.S. Securities Act, and (b) outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur.

Adfactors 41